

RNI No. GUJGUJ /2008/26148
GARVI GUJARAT

# ગરવી ગુજરાત

ગરવી ગુજરાત
અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

Volume : 18
Issue : 082
Dt.: 02-12-2025,
Tuesday
Page : 04
Rs.00.50 paisa

EDITOR : AJAYKUMAR RAMANLAL PRAJAPATI (AJAY PATNI) Regd. Office: TF-01, Nanakram Super Market,Ramnagar,Sabarmati, Ahmedabad-380 005. Gujarat, India.
Phone : 90163 33307 (M) 93283 33307, 98253 33307 • Email : garvigujarat2007@gmail.com • Email : garvigujarat2007@yahoo.com • Website : www.garvigujarat.co.in

### SIR કરવામાં આટલી ઉતાવળ કેમ?

# વિપક્ષના સવાલો બાદ લોકસભા-રાજ્યસભામાં ભારે હોબાળો

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

સંસદમાં શિયાળા સત્રની આજથી શરૂઆત થઈ રહી છે. જે લગભગ ૧૯ દિવસનો રહેશે પરંતુ તેમાં ૧૫ જ બેઠકો થશે જેના કારણે આ સત્ર સૌથી ટૂંકું હોવાનો ઈતિહાસ બનાવશે. વિપક્ષો દળો આ વખતે સંસદ સત્રમાં SIR, આંતરિક સુરક્ષા અને લેબર કૉડ અંગે ચર્ચાની માગ કરી રહ્યા છે. ત્યારે બીજી બાજુ સરકાર ઈચ્છે છે કે વંદે માતરમ અંગે ચર્ચા થાય.

SIR પર ચર્ચાની માગ કરતા વિપક્ષે લોકસભામાં ભારે હોબાળો મચાવ્યો હતો જેના પગલે બે વાગ્યા સુધી કાર્યવાહી સ્થગિત કરવાનો નિર્ણય લેવાયો હતો. સમાજવાદી પાર્ટીના પ્રમુખ અખિલેશ યાદવે કહ્યું કે દેશમાં લોકશાહી ત્યારે જ મજબૂત થશે જ્યારે આપણો મતદાનનો અધિકાર છીનવાઈ નહીં જાય. તેમણે કહ્યું કે ઘણી જગ્યાએ પરિસ્થિતિ એવી છે કે BLO ને પણ ફોર્મ ભરવામાં મુશ્કેલી પડી રહી છે. તેમણે કોઈ તાલીમ લીધી નથી. SIR લોકશાહીને મજબૂત બનાવવા માટે હોવો જોઈએ, પરંતુ ભાજપ શક્ય તેટલા વધુ મતો કાપવા માંગે છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વિપક્ષ નાટકમાં ભાગ લેતા નથી તેવા નિવેદન પર પ્રતિક્રિયા આપતા અખિલેશ યાદવે કહ્યું, "તમે બધા જાણો છો કે નાટક કોણ રચી રહ્યું છે. શું આ BLO પોતાનો જીવ ગુમાવી રહ્યું છે તે નાટક છે? ભાજપ, પોલીસ સાથે મળીને, નાટક કરે છે. તેઓ મતદારો પર પિસ્તોલ તાકે છે." સપા વડાએ કહ્યું કે ભાજપ પાસે એવા સંસાધનો છે જેનો કોઈ મુકાબલો કરી શકે નહીં. ભાજપે તેમના માટે કામ કરવા માટે નોઈડા સ્થિત એક મોટી કંપનીને ભાડે રાખી છે. તેમની પાસે દરેકની મતદાર યાદીઓ છે. ભાજપ ૨૦૨૪ માં જ્યાં હારી ગયો હતો ત્યાં બૂથ પર મત કાપવા માંગે છે. અત્યારે લગ્નની સિઝન છે, તો SIR કેમ કરવામાં આવી રહી છે? ચૂંટણી પંચ ભાજપનું સ્વપ્ન પૂરું કરી રહ્યું છે. રાજ્યસભામાં જ્યારે કોંગ્રેસ અધ્યક્ષ અને ગૃહના વિપક્ષના નેતા મલ્લિકાઅર્જુન ખડગેએ તેમના સંબોધનમાં કહ્યું કે હું સભાપતિને અપીલ કરું છું કે તેઓ સંતુલના જાળવવાનો પ્રયાસ કરે અને સત્તા તથા વિપક્ષ બંને તરફ ધ્યાન આપે. ખડગેના આ નિવેદન પર ગૃહમાં ભારે હોબાળો મચ્યો હતો. આ મામલે કિરેન રિજિજુએ ખડગે પર ભૂતકાળના સભાપતિઓનું અપમાન કરવાનો આરોપ લગાવ્યો હતો.

SIR મુદ્દે ધારદાર સવાલો કરતાં સમાજવાદી પાર્ટીના પ્રમુખ અખિલેશ

## પીએમ મોદીએ રાજ્યસભામાં સભાપતિનું કર્યું સ્વાગત, SIR લોકશાહીને મજબૂત બનાવવા હોવો જોઈએ: સપા

યાદવે કેન્દ્રની મોદી સરકાર અને ચૂંટણી પંચને ઘેર્યા હતા. તેમણે સવાલ કર્યો કે આખરે કેમ SIR કરવામાં આટલી ઉતાવળ કરવામાં આવી રહી છે. BLO પર દબાણ વધારવામાં આવી રહ્યું છે જેના કારણે અનેક આત્મહત્યા કરવા મજબૂર થઈ રહ્યા છે. લોકસભામાં પ્રશ્નકાળ દરમિયાન, વિપક્ષે ભારે હોબાળો મચાવ્યો. વિપક્ષના સભ્યો પ્લેકાર્ડ સાથે વેલમાં ધસી ગયા. સ્પીકર ઓમ બિરલાએ હોબાળા પર નારાજગી વ્યક્ત કરતા કહ્યું, "આ રીતે ગૃહને વિક્ષેપિત કરવું યોગ્ય નથી. તમારા માટે પ્લેકાર્ડ સાથે આવવું યોગ્ય નથી. આ સંદેશ સમગ્ર વિશ્વને મોકલવો જોઈએ કે ભારતની સંસદ સક્રિય રીતે કામ કરે છે અને બધા સાંસદો ભાગ લે છે."

સ્પીકરે હોબાળો મચાવનારા સભ્યોને તેમની બેઠકો પર પાછા ફરવા અપીલ કરતા કહ્યું કે આ પ્રકારનો વિક્ષેપ યોગ્ય નથી. સ્પીકરની અપીલની સભ્યો પર કોઈ અસર થઈ નહીં, અને ગૃહને બપોરે ૧૨ વાગ્યા સુધી સ્થગિત કરવું પડ્યું હતું.

રાજ્યસભામાં પીએમ મોદીએ સભાપતિ અને ઉપ રાષ્ટ્રપતિ સી.પી. રાધાકૃષ્ણનનું સ્વાગત કર્યું હતું. જ્યારે બીજી બાજુ લોકસભામાં પ્રશ્નકાળની શરૂઆત થતાં જ વિપક્ષે જોરદાર હોબાળો મચાવ્યો હતો. મોટાભાગના સભ્યો વેલમાં આવી ગયા અને નારેબાજી કરવા લાગ્યા હતા. ત્યારે સ્પીકર ઓમ બિરલાએ સાંસદોને અપીલ કરી કે આ ગૃહ ચર્ચા અને સંવાદ કરવા માટે છે.



શિયાળુ સત્ર શરૂ થતાં પહેલાં વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે ભારતે સાબિત કર્યું છે કે લોકશાહી કાર્ય કરી શકે છે. આ સત્ર વિકસિત ભારતના લક્ષ્યમાં વધુ ઊર્જા ભરવાની તક છે. આ સાથે પીએમ મોદીએ વિપક્ષને હારની નિરાશાને દૂર કરવા અને મજબૂત મુદ્દાઓ ઉઠાવવા વિનંતી કરી. તેમણે કહ્યું કે આ સત્ર હારની નિરાશા કે વિજયના ઘમંડનું મેદાન ન બનવું જોઈએ. નવી પેઢીના સભ્યોએ અનુભવનો લાભ લેવો જોઈએ. અહીં નાટક નહીં, પરંતુ ડિલિવરી હોવી જોઈએ. રાષ્ટ્રીય નીતિ પર ચર્ચા થવી જોઈએ. વડાપ્રધાન મોદીએ કહ્યું કે રાષ્ટ્રનીતિ માટે સકારાત્મકતા જરૂરી છે. ગૃહ હોબાળા માટે નથી. સૂત્રોચ્ચાર માટે આખો દેશ ખાલી છે. ગૃહમાં નકારાત્મકતા ન હોવી જોઈએ. હું વિપક્ષને સુચન કરવા તૈયાર છું કે પરફોર્મ કેવી રીતે કરી શકાય. હારની હતાશામાંથી બહાર આવો. વિપક્ષ તેની વ્યૂહરચના બદલે. પોતાની ફરજ નિભાવે. દેશની આર્થિક સ્થિતિ મજબૂત થઈ રહી છે.

### ૪ લોકો વાહનો સહિત નીચે પટકાયા

## મધ્યપ્રદેશમાં ૫૦ વર્ષ જૂનો બ્રિજ ધરાશાયી

(સંપૂર્ણ સમાચાર સેવા)ભોપાલ

મધ્યપ્રદેશમાં રાયસેલ જિલ્લાના બરેલી તાલુકામાં સરકારી બેદરકારી અને ભ્રષ્ટાચારનો વધુ એક પુરાવો સોમવારે સવારે જોવા મળ્યો, જ્યારે બરેલી-પિપરિયા સ્ટેટ હાઈવે પર આવેલો નયાગાંવ પુલ ધરાશાયી થઈ ગયો.



આ પુલના કાટમાળ નીચે ૧૦ લોકો દટાયાની માહિતી સામે આવી રહી છે. જેમાં પુલ પરથી પસાર થતા બાઈકસવાર અને પુલની નીચે "સમારકામ" કરી રહેલા શ્રમિકોનો સમાવેશ થાય છે.

આ દુર્ઘટના કોઈ કુદરતી આફત નથી, પરંતુ સરકારી એજન્સી મધ્યપ્રદેશ રોડ ડેવલપમેન્ટ કોર્પોરેશન (MPRDC)ની ઘોર બેદરકારીનું જીવંત ઉદાહરણ છે. આ ૫૦ વર્ષ જૂનો પુલ ઘણા વર્ષોથી જર્જરિત હાલતમાં હતો. પરંતુ જવાબદાર અધિકારીઓએ તેને નવો બનાવવાની તસ્દી લેવાને બદલે, તેના પર માત્ર એક નવો રોડ પાથરીને સબ સલામતનો દેખાડો કર્યો હતો.

એટલું જ નહીં, શાસનની બેદરકારી તો જુઓ કે, આ ચાલુ અને જોખમી પુલની નીચે સેન્ટિંગ લગાવીને સમારકામ ચાલી રહ્યું હતું, જ્યારે ઉપરથી વાહનવ્યવહાર બેરોકટોક ચાલુ હતો. જાણે કે પ્રશાસન કોઈ મોટી દુર્ઘટના ઘટવાની જ રાહ જોઈ રહ્યું હોય! આખરે, સોમવારે સવારે પુલનો એક ભાગ તૂટી પડ્યો અને ઉપર બાઈક પર સવાર ૪ લોકો નીચે ખાબક્યા, જ્યારે નીચે કામ કરી રહેલા ૮ મજૂરો કાટમાળ નીચે દટાયા.

દુર્ઘટના ઘટ્યા બાદ, પરંપરા મુજબ, જિલ્લા કલેક્ટર અને એસપી સહિત ઉચ્ચ અધિકારીઓનો કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. ઘાયલોને નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે, જેમાંથી એકની હાલત ગંભીર હોવાથી તેને ભોપાલ રિફર કરવામાં આવ્યો છે. હવે આ મામલે તપાસના આદેશો અપાશે, સમિતિઓ રચાશે અને કદાચ કોઈ નાના અધિકારી પર દોષનો ટોપલો ઢોળીને ફાઈલો બંધ કરી દેવાશે. પરંતુ સવાલ એ છે કે, જનતાના જીવના જોખમે ચાલતા આવા વિકાસના નાટકો ક્યાં સુધી ચાલતા રહેશે?

### મહારાષ્ટ્રમાં NDAમાં તણાવ!

## એકનાથ શિંદેના નેતાના ઘરે રેડ પડતાં શિવસેના ભડકી

### ભાજપના ઈશારે કાર્યવાહીનો આરોપ મુકવામાં આવ્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)મુંબઈ

મહારાષ્ટ્રના રાજકારણમાં એક મોટી હલચલ જોવા મળી છે, જ્યાં ડેપ્યુટી સીએમ એકનાથ શિંદેની શિવસેનાને અત્યાર સુધીનો સૌથી મોટો ઝટકો લાગ્યો છે. સત્તાધારી મહાયુતિના સહયોગી પક્ષ શિવસેનાના નેતાઓના નિવાસસ્થાન અને કાર્યાલયો પર દરોડા પાડવામાં આવી રહ્યા છે. શિંદેના પૂર્વ ધારાસભ્ય શહાજી બાપુ પાટીલના કાર્યાલય પર એલસીબી (LCB) અને ચૂંટણી અધિકારીઓ રેડ પાડવા પહોંચ્યા હતા.

શહાજી બાપુ પાટીલના કાર્યાલય પર સાંગોલા ખાતે દરોડા પાડવામાં આવ્યા, જેના કારણે મોટી હલચલ મચી ગઈ હતી. આ દરોડા દરમિયાન, એલસીબી(LCB) અને ચૂંટણી પંચની ટીમે રેકોર્ડિંગ પણ કર્યું હતું. આ સિવાય, સાંગોલામાં આવેલા ધારાસભ્ય બાબાસાહેબ દેશમુખના પ્રચાર કાર્યાલયની પણ ચૂંટણી અધિકારીઓ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી હતી. એકનાથ શિંદે જૂથના નેતા શહાજી બાપુ પાટીલે ભાજપ પર ગંભીર આરોપ લગાવ્યો છે. તેમણે કહ્યું કે, આ સમગ્ર કાર્યવાહી જિલ્લા પાલક મંત્રી જયકુમાર ગોરે અને પૂર્વ ધારાસભ્ય દીપક આબા સાળુંખેના ઈશારે કરવામાં આવી છે. તેમણે સીધો આક્ષેપ કર્યો કે ભાજપને સાંગોલા નગર પરિષદની ચૂંટણીમાં પોતાની હાર સ્પષ્ટ દેખાઈ રહી હોવાથી, તેમના પગ નીચેથી જમીન સરકી ગઈ છે અને આ રાજકીય કાર્યવાહી તેનું જ પરિણામ છે.

### ૧૦ કલાકનો આપ્યો સમય

## સંસદમાં થશે વંદે માતરમ પર ચર્ચા; વડાપ્રધાન મોદી પણ ભાગ લેશે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી



ભારતના રાષ્ટ્રગીત વંદે માતરમના ૧૫૦ વર્ષ પૂરા થવા પર સંસદના શિયાળુ સત્ર દરમિયાન ખાસ ચર્ચાનું આયોજન કર્યું છે. લોકસભામાં આ અઠવાડિયે ગુરુવાર અથવા શુક્રવારે તેને લઈને ચર્ચા થશે. જેના માટે ૧૦ કલાકનો સમય નક્કી કર્યો છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી પણ આ ખાસ ચર્ચામાં ભાગ લેશે. આ ચર્ચા સ્વતંત્રતા સંગ્રામના આ પ્રેરક ગીતના ઐતિહાસિક અને સાંસ્કૃતિક મહત્ત્વને રેખાંકિત કરશે.

સંસદીય કાર્ય મંત્રી કિરેન રિજિજૂ દ્વારા ૩૦ નવેમ્બરના રોજ બોલાવવામાં આવેલી ઓલ પાર્ટી મિટિંગ અને લોકસભા તથા રાજ્યસભાની બિઝનેસ એડવાઈઝરી કમિટીની બેઠકમાં આ પ્રસ્તાવ પર સહમતિ થઈ. રાજ્યસભામાં પણ સત્તાધારી પાર્ટીના સભ્યોએ તેની જોરદાર તરફદારી કરી. સરકારે તેને રાષ્ટ્રીય એકતાનું પ્રતીક ગણાવતા તમામ પાર્ટીને તેમાં ભાગ લેવા આમંત્રણ આપ્યું છે.

વંદે માતરમને ૧૯૫૦માં ભારત ગણરાજ્યના રાષ્ટ્રીય ગીત તરીકે અપનાવ્યું હતું. તેને ૧૮૭૦ના દાયકામાં બંકિમચંદ્ર ચટોપાધ્યાય દ્વારા સંસ્કૃતનિષ્ઠ બંગાળીમાં લખ્યું હતું.

આ ગીત બંકિમચંદ્ર ચટોપાધ્યાય બંગાળી ઉપન્યાસ આનંદમઠનો ભાગ છે, જેને પહેલી વાર ૧૮૮૨માં પ્રકાશિત કરી હતી. આ ગીત ભારતીય સ્વતંત્રતા આંદોલનનું મુખ્ય પ્રેરણા સ્રોત બન્યું.

## સરકારની સંસદમાં કબૂલાતઃ દિલ્હી સહિત દેશના ૭ ઍરપોર્ટ પર ફ્લાઈટ્સને 'GPS સ્પૂફિંગ'નો ખતરો

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

રાજધાની દિલ્હીના ઈન્દિરા ગાંધી આંતરરાષ્ટ્રીય ઍરપોર્ટ પર ઉડાન ભરતી કેટલીક ફ્લાઈટ્સને તાજેતરમાં GPS સ્પૂફિંગ(ખોટા સિગ્નલો)નો સામનો કરવો પડ્યો હોવાની કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન મંત્રાલયે સંસદમાં કબૂલાત કરી છે. આ ગંભીર ઘટનાની જાણકારી કેન્દ્રીય ઉડ્ડયન મંત્રી કિન્જારાપુ રામમોહન નાયડુએ રાજ્યસભામાં એક પ્રશ્નના જવાબમાં આપી હતી.

આ અંગે સવાલનો જવાબ આપતાં કેન્દ્રીય ઉડ્ડયન મંત્રી કિન્જારાપુ રામમોહન નાયડુએ સંસદમાં જણાવ્યું કે, આ ઘટનાઓ ત્યારે બની હતી, જ્યારે વિમાનો ઈન્દિરા ગાંધી ઍરપોર્ટના રન-વે ૧૦ પર ગ્લોબલ પોઝિશનિંગ સિસ્ટમ (GPS- જીપીએસ) આધારિત લેન્ડિંગ પ્રક્રિયામાંથી પસાર થઈ રહ્યા હતા. જીપીએ સ્પૂફિંગના કારણે વિમાનોના નેવિગેશન સિસ્ટમને ખોટા સિગ્નલો મળ્યા હતા. પરિણામે પાયલટોએ તાત્કાલિક આકસ્મિક કાર્યવાહી શરુ કરવી પડી હતી. જો કે, ગ્રાઉન્ડ-આધારિત પરંપરાગત નેવિગેશન સિસ્ટમના કારણે અન્ય રન-વે પરની કામગીરી પૂરતી અસરકારક રહી ન હતી. માત્ર દિલ્હી જ નહીં, પરંતુ દેશના અન્ય મુખ્ય ઍરપોર્ટ્સ પર પણ GNSS(ગ્લોબલ નેવિગેશન સેટેલાઈટ સિસ્ટમ)માં આ પ્રકારના હસ્તક્ષેપના અહેવાલો મળ્યા છે. સરકારે કબૂલ્યું છે કે, કે કોલકાતા, અમૃતસર, મુંબઈ, હૈદરાબાદ, બેંગલુરુ અને ચેન્નાઈ ઍરપોર્ટ પર પણ GPS જામિંગ/સ્પૂફિંગની ઘટનાઓ નોંધાઈ છે. આ ઘટના પછી ડાયરેક્ટોરેટ જનરલ ઑફ સિવિલ એવિએશન (DGCA) દ્વારા આ જોખમને ઘટાડવા માટે અનેક પગલાં લેવાયા છે. તેમાં ઍરપોર્ટ ઑથોરિટી ઑફ ઈન્ડિયા દ્વારા હસ્તક્ષેપના સ્રોતને ઓળખવા માટે વાયરલેસ મોનિટરિંગ ઑર્ગેનાઈઝેશન (WMO)ની મદદ લેવામાં આવી છે.

આ ઉપરાંત ડીજીસીએ દ્વારા જીપીએસ સ્પૂફિંગની ઘટનાઓનું રિયલ ટાઈમ રિપોર્ટિંગ કરવા માટે નવી સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિડ્યુર (SOP) પણ બહાર પાડવામાં આવી છે. આ ઉપરાંત એરક્રાફટની સુરક્ષા માટે ભારતીય હવાઈ ક્ષેત્રમાં પરંપરાગત ગ્રાઉન્ડ આધારિત નેવિગેશન ઈન્ફ્રાસ્ટ્રક્ચરનું મીનિમમ ઓપરેટિંગ નેટવર્ક (MON) જાળવી રખાયું છે. આ સિવાય આંતરરાષ્ટ્રીય સ્તરે વધી રહેલા સાયબર સુરક્ષાના જોખમો સામે લડવા સિસ્ટમ અને પ્રોટોકોલ પણ સતત અપગ્રેડ કરાઈ રહ્યા છે. ઉડ્ડયન મંત્રીએ સંસદમાં જણાવ્યું છે કે, એવિએશન ક્ષેત્રે પણ રેન્સમવેર અને માલવેર જેવા સાયબર હુમલાનું જોખમ પણ સતત વધી રહ્યું છે, જે નિર્ણાયક સિસ્ટમને નિશાન બનાવી શકે છે. આ જોખમોનો સામનો કરવા માટે ઍરપોર્ટ ઑથોરિટી ઑફ ઈન્ડિયાએ તેના IT નેટવર્ક અને ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં સાયબર સુરક્ષા વધારી દીધી છે. આ તમામ અપગ્રેડેશન નેશનલ ક્રિટિકલ ઈન્ફોર્મેશન ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોટેક્શન સેન્ટર (NCIIPC) અને ઈન્ડિયન કમ્પ્યુટર ઈમરજન્સી રિસ્પોન્સ ટીમ (CERT-In) દ્વારા નક્કી કરાયેલી માર્ગદર્શિકા મુજબ કરાયા છે. આ સિવાય ભારત વૈશ્વિક ઉડ્ડયન-સુરક્ષા ફોરમમાં પણ સક્રિયપણે ભાગ લઈ રહ્યું છે, જેથી નવીનતમ ટૅક્નોલૉજીથી માહિતગાર થઈને અપડેટ થઈ શકાય.

## મુંબઈની હવાનો AQI ઘાતક સ્તરે પહોંચતા GRAP-4ના પ્રતિબંધ લાગુ

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

દેશની રાજધાની દિલ્હી વર્ષોથી પ્રદૂષણની સમસ્યાનો સામનો કરી રહી છે, પરંતુ હવે આર્થિક રાજધાની મુંબઈ પણ આ મામલે દિલ્હીની હરોળમાં આવીને ઉભી રહી ગઈ છે. મુંબઈમાં પ્રદૂષણનું સ્તર ખતરનાક હદે વધતાં અને હવા ખરાબ અને અત્યંત ખરાબ શ્રેણીમાં પહોંચતા, શહેરભરમાં ગ્રેડેડ રિસ્પોન્સ એક્શન પ્લાન (GRAP)ના ચોથા તબક્કાની કડક પાબંદીઓ લાગુ કરવામાં આવી છે.

મુંબઈના મઝગાંવ, દેવનાર, મલાડ, બોરીવલી ઈસ્ટ, ચકાલા-અંધેરી ઈસ્ટ, નેવી નગર, પોવઈ અને મુલુંડ જેવા વિસ્તારોમાં હવાની ગુણવત્તા ચિંતાજનક સ્તરે પહોંચી ગઈ છે. સામાન્ય રીતે દરિયા કિનારે હોવાને કારણે મુંબઈમાં પ્રદૂષણ ઓછું રહેતું હતું, પરંતુ હવે ત્યાં પણ વધતી સમસ્યાએ ચિંતાઓ ઉભી કરી છે. આ પાબંદીઓ લાગુ કર્યા પછી પણ મુંબઈનો AQI 187 નોંધાયો છે, જે અનહેલ્ધી કેટેગરીમાં આવે છે.

પ્રદૂષણને કાબૂમાં લેવા માટે બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન (BMC) એક્શન મોડમાં આવી ગયું છે. GRAP-4 હેઠળ, તમામ નિર્માણ કાર્યો અને ધૂળ ઉડતી હોય તેવી અન્ય પ્રવૃત્તિઓ પર તાત્કાલિક અસરથી પ્રતિબંધ મૂકી દેવામાં આવ્યો છે. BMC દ્વારા લગભગ ૫૦ જેટલી બાંધકામ સાઈટ્સને કામ રોકવા અથવા સંપૂર્ણપણે સ્થગિત કરવા માટે નોટિસ ફટકારવામાં આવી છે.



# તંત્રી લેખ......

## લોકશાહીના સ્વાસ્થ્ય અંગે પ્રશ્નો; વધતી જતી મૌન ઊંડી ચિંતાઓ ઉભી કરે છે

દિલ્હીમાં શિયાળો શરૂ થઈ ગયો છે, પરંતુ રાજધાનીમાં રાજકીય તાપમાન વધવાનું છે. સંસદનું શિયાળુ સત્ર સોમવારથી શરૂ થઈ રહ્યું છે. ૧ ડિસેમ્બરથી શરૂ થઈને, તે ૧૯ ડિસેમ્બર સુધી ચાલુ રહેશે. આનો અર્થ એ છે કે સંસદ ફક્ત ૧૫ દિવસ માટે જ સત્રમાં રહેશે. આ માહિતી વહીવટી દસ્તાવેજોમાં નોંધાયેલી હોઈ શકે છે, પરંતુ તે દેશના રાજકારણમાં ઊંડી અસ્વસ્થતાને છુપાવે છે. આનું કારણ એ છે કે જ્યારે સંસદના સત્ર ટૂંકા થાય છે, ત્યારે તે જાહેર અવાજના સંકોચન સિવાય બીજું કંઈ પ્રતિબિંબિત કરતું નથી. ભારત જેવા વિશાળ લોકશાહીમાં, જ્યાં ૫૦૦ થી વધુ લોકસભા સભ્યો અને લગભગ ૨૫૦ રાજ્યસભા સભ્યો ગૃહમાં લોકોનો અવાજ લાવે છે, પ્રશ્ન એ છે કે શું આ ૭૮૦ થી વધુ પ્રતિનિધિઓને માત્ર ૧૫ દિવસમાં પોતાના વિચારો વ્યક્ત કરવાની તક મળશે? આ ગણિત, જેટલું સરળ દેખાય છે, તેટલું જ ખતરનાક છે. જો દરેક સાંસદને તેમના મતવિસ્તાર વતી બોલવા માટે માત્ર પાંચ મિનિટ મળે, તો તેને ૬૫ કલાકથી વધુ સમય લાગશે. જોકે, આખું સત્ર ભાગ્યે જ ૯૦ કલાક ચાલે છે. આમાં પ્રશ્નકાળ, બિલો, ઔપચારિક ભાષણો અને સરકારના કાર્યસૂચિ માટેનો સમય ઉમેરો, ચર્ચા માટે શું બાકી રહે છે? કદાચ લોકશાહીમાં ધીમે ધીમે આ જ સમય બાકી રહે છે: ખૂબ ઓછો સમય અને ખૂબ લાંબી મૌન. સંસદને લોકશાહીનો આત્મા કહેવામાં આવે છે. તે એવી જગ્યા છે જ્યાં અસંમતિને સ્થાન મળે છે અને ચર્ચા દ્વારા સત્ય બહાર આવે છે. અહીં, જનતાના પ્રશ્નો શાસક પક્ષ સમક્ષ રજૂ કરવામાં આવે છે. પરંતુ તાજેતરના વર્ષોમાં, આ ભાવના થાકેલી લાગવા લાગી છે. સંસદ હવે ચર્ચાનું કેન્દ્ર નથી, પરંતુ બિલ પસાર કરવાનું કેન્દ્ર છે. ક્યારેક, એવું લાગે છે કે બિલો પૂર્વનિર્ધારિત હોય છે, અને સંસદ ફક્ત તેમને મંજૂરી આપવાની ઔપચારિકતા કરે છે. લોકશાહીમાં સંવાદ સૌથી મોટી તાકાત છે, પરંતુ જ્યારે સંવાદ ઓછો થાય છે, ત્યારે લોકશાહી ફક્ત ઔપચારિકતા બની જાય છે. લોકશાહી સરકારનો અર્થ ફક્ત શાસક પક્ષ નથી; વિરોધ પક્ષ પણ તેનો એક ભાગ છે. વિરોધ પક્ષ કોઈ હરીફ પક્ષ નથી, પરંતુ લોકશાહીનું બીજું ફેફસાં છે. આ વ્યવસ્થા ફક્ત ત્યારે જ શ્વાસ લે છે જ્યારે એક પક્ષ બોલે છે અને બીજો સાંભળે છે, પરંતુ હવે તે શ્વાસ ગૂંગળામણભર્યો બની રહ્યો છે. સંસદમાં વિપક્ષના બોલવાના સમયને મર્યાદિત કરવો, અસંમતિને વિક્ષેપ તરીકે ગણવો અને પ્રશ્નો પૂછનારાઓને "અનિયમિત" તરીકે લેબલ કરવા એ લોકશાહીના પાત્રમાં સૌથી ખતરનાક વલણ છે. સત્તાને હંમેશા પ્રશ્નોની જરૂર હોય છે, કારણ કે પ્રશ્નો તેને જમીન પર રાખે છે. જોકે, જ્યારે પ્રશ્નો પૂછનારાઓ ઓછા થઈ જાય છે અથવા તેમને ચૂપ કરી દેવામાં આવે છે, ત્યારે સત્તા જવાબદારી ગુમાવે છે અને આત્મસંતુષ્ટ થઈ જાય છે. સ્વતંત્રતાના પહેલા બે દાયકામાં, સંસદ વર્ષમાં સરેરાશ ૧૨૦ દિવસથી વધુ સમય માટે બેઠી હતી. હવે, તે સંખ્યા અડધી થઈ ગઈ છે. શિયાળુ સત્ર પંદર દિવસ સુધી મર્યાદિત રહેવું એ તે ઘટાડાનો એક ભાગ છે. આ ફક્ત સમયનો અભાવ નથી, પરંતુ લોકશાહી સંસ્કૃતિના સંકોચનની વાર્તા છે. સંસદ હવે જનતાના પ્રશ્નો કરતાં પોતાના કાર્યક્રમોમાં વધુ ચિંતિત છે. બેરોજગારી, મોંઘવારી, ખેડૂતોની તકલીફ અથવા શિક્ષણ પર ચર્ચાઓ પાછળ રહી ગઈ છે. સંસદ, એક સમયે જ્યાં જનતા બોલતી હતી, તે હવે એવી જગ્યા બની ગઈ છે જ્યાં સરકાર બોલે છે અને અન્ય ફક્ત સાંભળે છે. પ્રશ્નો પૂછવા એ લોકશાહી માટે ગુનો નથી, પરંતુ તેનું સૌથી મોટું કર્તવ્ય છે. જ્યારે દરેક સાંસદ પોતાની બેઠક પરથી ઉભા થઈને પ્રશ્ન પૂછે છે, ત્યારે તેઓ તેમના મતવિસ્તારના લોકો વતી બોલે છે. જ્યારે તેમને બોલતા અટકાવવામાં આવે છે, ત્યારે તે સંસદમાં તેમને મત આપનારા લોકોને ચૂપ કરવા જેવું છે. આ જ કારણ છે કે પ્રશ્નોની ઘટતી સંખ્યા, ઓછા સત્રો અને સંસદમાં વધતી મૌન ઊંડી ચિંતા પેદા કરે છે. લોકશાહીની તાકાત ચર્ચામાં રહેલી છે, અને જ્યારે ચર્ચા ઓછી થવા લાગે છે, ત્યારે એ સમજવું જોઈએ કે લોકશાહીનું સ્વાસ્થ્ય ઘટી રહ્યું છે. હવે, સંસદમાં મૌન ભયાનક બની ગયું છે. પહેલા, સંસદમાં ઘોંઘાટ હતો.

### સરદાર સરોવરના નિર્માણથી ગુજરાતમાં 'દુષ્કાળ ભૂતકાળ' બન્યો

# ગુજરાતની જીવાદોરી સમાન 'નર્મદા યોજના' એ સરદાર સાહેબની દૂરંદેશીનું જીવંત ઉદાહરણ

### નર્મદા યોજનાનો મધ્યપ્રદેશ ઉપરાંત ગુજરાત, મહારાષ્ટ્ર અને રાજસ્થાનને લાભ આપવા 'રાષ્ટ્રીય પ્રોજેક્ટ' તરીકે વિકસાવાયો

સરદાર વલ્લભભાઈ પટેલ – ભારતના લોખંડી પુરુષ – એક એવા નેતા હતા જેમણે દેશની એકતા અને અખંડિતતા માટે જીવન સમર્પિત કર્યું. પરંતુ એટલું જ નહીં, તેમણે ગુજરાત અને ભારતના ભવિષ્યના વિકાસ માટે પણ ઘણી દૂરંદેશી યોજનાઓનું સ્વપ્ન જોયું હતું. તેમાંથી સૌથી મહત્વની અને આજે વિશ્વની સૌથી મોટી જળસંગ્રહ યોજના તરીકે ઓળખાતી 'સરદાર સરોવર-નર્મદા યોજના'નો વિચાર સરદાર પટેલના મનમાં જ ઉદભવ્યો હતો. આ યોજના માત્ર એક બંધ કે સિંચાઈ પ્રોજેક્ટ નથી, પરંતુ ગુજરાતની ખુશહાલી-જીવાદોરી, પાણીની સમસ્યાનો કાયમી ઉકેલ અને ખેતી-ઉદ્યોગના વિકાસનું એક મહાસ્વપ્ન હતું જેને સરદારે વર્ષ ૧૯૪૦ના દાયકામાં જોયું હતું. જે આજે સાચા અર્થમાં સાર્થક બન્યું છે. સરદાર સાહેબના આ મહાસ્વપ્ન સમાન સરદાર સરોવર-નર્મદા યોજનાને વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીના વરદ હસ્તે તા. ૧૭ સપ્ટેમ્બર ૨૦૧૭ના રોજ રાષ્ટ્રને અર્પણ કરવામાં આવી હતી.

અખંડ ભારતના શિલ્પી અને લોહપુરુષ સરદાર વલ્લભભાઈ પટેલના આવા અનેક સત્કાર્યોથી દેશવાસીઓ વાકેફ થાય એ આશયથી વડાપ્રધાનશ્રીના માર્ગદર્શન હેઠળ સરદાર સાહેબની ૧૫૦મી જયંતીની ઉજવણી કરવામાં આવી રહી છે. તેમના 'રાષ્ટ્રીય એકતા'ના આ સંદેશને જન-જનના હૃદયમાં પુનઃસ્થાપિત કરવા માટે રાજ્યમાં ગત તા. ૨૬ નવેમ્બર એટલે કે બંધારણ દિવસથી મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે કરમસદથી એકતાનગર સુધી યોજાનાર રાષ્ટ્રીય પદયાત્રા (સરદાર @ ૧૫૦: યુનિટી માર્ચ)નો શુભારંભ કરવામાં આવ્યો છે.

તો આવો જાણીએ ગુજરાતની જીવાદોરી સમાન સરદાર સરોવર યોજનાની ગાથા.....

**નર્મદાના પાણીની સમસ્યા અને સરદારની ચિંતા**

વર્ષ ૧૯૪૬માં જ્યારે ગુજરાતના દક્ષિણ અને મધ્ય ભાગમાં પાણીની અછત અને દુષ્કાળની સ્થિતિ ખૂબ જ ગંભીર હતી. સૌરાષ્ટ્ર અને કચ્છ તો વર્ષોથી પાણી વિનાના વિસ્તાર તરીકે ઓળખાતા હતા. મા નર્મદા નદી મધ્યપ્રદેશમાંથી નીકળીને ગુજરાતમાંથી પસાર થઈને અરબી સમુદ્રમાં મળે છે પરંતુ તેનું અમૃત સમાન મોટા ભાગનું પાણી વેડફાઈને સમુદ્રમાં વહી જતું હતું. સરદારને આ વાત ખૂબ જ દુઃખ પહોંચાડતી હતી. તેમણે વારંવાર કહેલું કે, "આપણી નર્મદાનું પાણી સમુદ્રમાં વેડફવું એ આપણા ગુજરાતી-દેશવાસીઓ સાથે અન્યાય છે."

આ વિચારને સાર્થક કરવા વર્ષ ૧૯૪૬-૪૭માં જ સરદાર પટેલે નર્મદા નદી પર મોટો બંધ બાંધવાનો વિચાર રજૂ કર્યો હતો. તેમણે તે વખતના બોમ્બે સરકારના ઈજનેરોને આદેશ આપ્યો કે નર્મદા પર ઊંચો બંધ બાંધીને તેનું પાણી ગુજરાતના નજીકના-છેવાડાના દરેક ખૂણે પહોંચાડવાની યોજના તૈયાર કરો. તે સમયે ઘણા બુદ્ધિજીવી લોકોએ આ વિચારને અશક્ય અને અવ્યવહારુ ગણાવ્યો. પરંતુ સરદારની દૃઢ ઈચ્છાશક્તિ સામે કોઈ ટકી શકે તેમ નહોતું.

**કેન્દ્રીય જળ અને વીજ મંત્રાલયની સ્થાપના**

સ્વતંત્રતા પછી વર્ષ ૧૯૪૭માં જ્યારે સરદાર પટેલ ભારતના પ્રથમ નાયબ વડાપ્રધાન અને ગૃહમંત્રી બન્યા, ત્યારે તેમણે દેશમાં પાણી અને વીજળીના મહત્વને ઓળખીને કેન્દ્રીય જળ અને વીજ મંત્રાલયની સ્થાપના કરી. આ મંત્રાલયનો મુખ્ય હેતુ મોટી નદીઓ પર બહુહેતુક પ્રોજેક્ટ બનાવવાનો હતો. સરદારે નર્મદા યોજનાને રાષ્ટ્રીય પ્રોજેક્ટ તરીકે વિકસાવવાનું વિચાર્યું હતું જેથી મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, ગુજરાત અને રાજસ્થાન – ચારેય રાજ્યોને તેનો લાભ મળે.

**વર્ષ ૧૯૪૮માં પ્રથમ સર્વે અને નકશો પ્રકાશિત**

સરદારના આદેશથી વર્ષ ૧૯૪૭-૪૮માં જ નર્મદા નદી પર બંધ બાંધવા માટે પ્રથમ સર્વે શરૂ થયો. એ સમયના પ્રખ્યાત ઈજનેર ખોસલાએ નર્મદા પર ૧૬૦ ફૂટથી વધુ ઊંચો બંધ બાંધી શકાય તેવો અહેવાલ આપ્યો. આજે જે સરદાર સરોવર બંધ છે તેની ઊંચાઈ ૧૬૩ મીટર (૫૩૫ ફૂટ) છે—એટલે કે સરદારના સમયનો વિચાર આજે પણ સાચો અને સફળ પુરવાર થયો છે.

દુઃખની વાત એ છે કે વર્ષ ૧૯૫૦માં સરદાર પટેલનું અવસાન થયું અને તેમના પછી આ યોજના ઘણા વર્ષો સુધી રાજકીય ખેંચતાણ અને આંતરરાજ્ય વિવાદોમાં ફસાઈ રહી. પરંતુ સૌના કલ્યાણ માટે સેવેલું સરદારનું સ્વપ્ન સાકાર થઈને જ રહ્યું.

**સરદાર સાહેબની દ્રષ્ટિના મુખ્ય અંશો**

- દુષ્કાળમુક્ત ગુજરાતઃ સરદાર માનતા હતા કે નર્મદાનું પાણી જો ગુજરાતના દરેક ખૂણે પહોંચે તો ગુજરાત ક્યારેય દુષ્કાળનો માર નહીં ખાય.
- કૃષિ ક્રાંતિઃ લાખો હેક્ટર જમીનને સિંચાઈનો લાભ આપીને ગુજરાતને અન્નનું ભંડાર બનાવવું.
- પીવાનું પાણીઃ સૌરાષ્ટ્ર-કચ્છના ગામડે ગામડે પાણી પહોંચાડવું જેથી મહિલાઓને કલાકો સુધી પાણી માટે ઉભા રહેવું ના પડે અને દુર સુધી પાણી ભરવા જવામાંથી મુક્તિ.
- વીજ ઉત્પાદનઃ હજારો મેગાવોટ જળ વીજ ઉત્પન્ન કરીને ગુજરાતના ઉદ્યોગોને વેગ આપવો.
- આંતરરાજ્ય સહકારઃ નર્મદાને 'રાષ્ટ્રીય નદી' બનાવીને ચાર રાજ્યોનો વિકાસ કરવો.

**સરદારનું સ્વપ્ન મૂર્તિમંત થયું**

- આજે સરદાર સરોવર બંધની મુખ્ય કેનાલ ૪૫૮ કિમી લાંબી છે અને તેની શાખાઓ-ઉપશાખાઓ સહિત અંદાજે કુલ ૭૫,૦૦૦ કિમીથી વધુ નહેરોનું નેટવર્ક ગુજરાતમાં ફેલાયેલું છે.
- અંદાજે ૧૮ લાખ હેક્ટરથી વધુ જમીનને સિંચાઈનો લાભ.
- ૯૪૯ મેગાવોટ જળ વિદ્યુત ઉત્પાદન ક્ષમતા.
- અંદાજે ૩૦ જિલ્લાઓના ૯,૫૦૦ થી વધુ ગામો અને ૧૭૩ શહેરોને પીવાનું પાણી ઉપલબ્ધ
- સૌરાષ્ટ્ર-કચ્છના મોટાભાગના ગામોમાં દરેક ઘરમાં નળથી નર્મદાનું પાણી એટલે કે, આ બધું જ સરદાર પટેલની ૭૫-૮૦ વર્ષ પહેલાંની દ્રષ્ટિનું સફળ પરિણામ છે.

સરદાર પટેલ માત્ર દેશના એકીકરણ કરનાર નેતા નહોતા, પરંતુ એક દૂરંદેશી વિકાસકાર પણ હતા. તેમણે નર્મદા યોજનાને ગુજરાતની 'લાઈફલાઈન' બનાવવાનું સ્વપ્ન જોયું હતું અને આજે તે સ્વપ્ન પૂરેપૂરું સાકાર થયું છે. જ્યારે આપણે મા નર્મદાના ઠંડા પાણીનો ઘૂંટડો પીઈએ કે ખેતરમાં લીલોતરી જોઈએ ત્યારે યાદ રાખીએ કે આ પાણીના દરેક બુંદમાં સરદાર પટેલની દૂરંદેશી અને ગુજરાત-દેશ પ્રત્યેનો અપાર પ્રેમ સમાયેલો છે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીની પ્રેરણાથી નિર્માણ પામેલ વિશ્વનું સૌથી ઊંચું 'સ્ટેચ્યુ ઓફ યુનિટી' પણ સરદારની મહાનતા-ઊંચાઈની સાક્ષી પૂરે છે અને તેની જ સામે સરદાર સરોવર બંધ તેમની વિકાસની દ્રષ્ટિનું જીવંત પ્રતીક પણ છે. - શીરીન સૈયદ

### સસ્ટેનેબિલિટી, આદિવાસી વિસ્તારોનો આર્થિક વિકાસ, કૃષિમાં નવીનતા અને સેવા ક્ષેત્રના વિકાસ જેવા ચાર મુખ્ય વિષયો આધારિત દરખાસ્તો મંગાવાઈ

# 'વિકસિત ગુજરાત@૨૦૪૭'ના લક્ષ્યો સિદ્ધ કરવા ગુજરાત રાજ્ય ઈન્સ્ટિટ્યૂશન ફોર ટ્રાન્સફોર્મેશન (GRIT) દ્વારા સંશોધન પ્રોજેક્ટ્સ માટે દરખાસ્તો મંગાવાઈ

ગુજરાત સરકારના મુખ્ય નીતિગત વિચારમંચ, ગુજરાત રાજ્ય ઈન્સ્ટિટ્યૂશન ફોર ટ્રાન્સફોર્મેશન (GRIT) દ્વારા રિસર્ચ સપોર્ટ પ્રોગ્રામ હેઠળ સંશોધન પ્રોજેક્ટ્સ માટે અરજીઓ આમંત્રિત કરવામાં આવી છે. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય રાજ્યના ટકાઉ અને સર્વસમાવેશક વિકાસ માટેના મહત્વપૂર્ણ ક્ષેત્રોમાં 'વિકસિત ગુજરાત@૨૦૪૭'ના લક્ષ્યો સાથે સુસંગત અને નિર્ણાયક સંશોધનને પ્રોત્સાહન આપવાનો છે.

રિસર્ચ સપોર્ટ પ્રોગ્રામ હેઠળ સંશોધન પ્રોજેક્ટ્સ માટે બિન-શૈક્ષણિક વ્યક્તિઓ તેમજ બિન-શૈક્ષણિક સંસ્થાઓ આગામી તા. ૧૫ ડિસેમ્બર, ૨૦૨૫ સુધીમાં અરજી કરી શકશે. તમામ પાત્રતા ધરાવતા અરજદારોને નિયત સમયમર્યાદામાં અને ઉચ્ચ ગુણવત્તાયુક્ત સંશોધન પ્રસ્તાવો રજૂ કરવા માટે GRIT દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે. કોઈપણ ઈચ્છુક વ્યક્તિ કે સંસ્થાએ અરજી ફરજિયાતપણે GRITની અધિકૃત વેબસાઈટના માધ્યમથી ઓનલાઈન રજૂ કરવાની રહેશે. અરજી કરવા માટેની વિગતવાર માર્ગદર્શિકા GRITની વેબસાઈટઃ https://grit.gujarat.gov.in/Home/NonAcademic પર ઉપલબ્ધ છે. પ્રાપ્ત થયેલી તમામ દરખાસ્તોનું મૂલ્યાંકન પ્રાસંગિકતા, પદ્ધતિસરની સચોટતા, નીતિગત અસરની સંભાવના જેવા મુખ્ય માપદંડોના આધારે કરવામાં આવશે. જેમાં સંશોધન પ્રસ્તાવની રાજ્ય સરકારની નીતિગત અગ્રતાઓ અને વિકાસ લક્ષ્યો સાથેની સુસંગતતા, સંશોધનની પદ્ધતિ, ડિઝાઈન અને વિશ્લેષણની ગુણવત્તા અને વૈજ્ઞાનિકતા તથા સંશોધનના તારણોના રાજ્ય સ્તરે નીતિ નિર્ધારણ અને અમલીકરણ પરની સંભવિત સકારાત્મક અસર જેવા માપદંડોને ધ્યાને લેવામાં આવશે.

વર્ષ ૨૦૨૫-૨૦૨૬ માટે સંશોધન દરખાસ્તો સસ્ટેનેબિલિટી, આદિવાસી વિસ્તારોનો આર્થિક વિકાસ, કૃષિ મૂલ્ય-શૃંખલામાં નવીનતા અને ઉદ્યોગસાહસિકતા તેમજ ગુજરાતમાં સેવા ક્ષેત્રના વિકાસ સહિતના મુખ્ય ચાર ક્ષેત્રો હેઠળ આમંત્રિત કરવામાં આવી છે.

૧. સસ્ટેનેબિલિટીઃ નેટ ઝીરો તરફનું પ્રયાણઃભારતની વર્ષ ૨૦૭૦ સુધીમાં નેટ ઝીરો ઉત્સર્જન હાંસલ કરવાની પ્રતિબદ્ધતાને ધ્યાનમાં રાખીને, રાજ્યના ઓછા કાર્બન ઉત્સર્જનયુક્ત, આબોહવા-સ્થિતિસ્થાપક અર્થતંત્ર તરફના સંક્રમણને ટેકો આપતા સંશોધન.

૨. આદિવાસી વિસ્તારોનો આર્થિક વિકાસઃ આદિવાસી પ્રદેશોમાં આજીવિકાને મજબૂત કરવા, માનવ વિકાસ સૂચકાંકોમાં સુધારણા લાવવા અને ટકાઉ સામાજિક-આર્થિક પરિવર્તનને પ્રોત્સાહન આપવા માટેના વ્યૂહાત્મક અભ્યાસો.

૩. કૃષિ મૂલ્ય-શૃંખલામાં નવીનતા અને ઉદ્યોગસાહસિકતાઃ ખેડૂતોની આવકમાં વૃદ્ધિ કરવા અને કૃષિ-મૂલ્ય શૃંખલાને સુદૃઢ કરવાના હેતુસર, પ્રણાલીગત ખામીઓને નિવારતી અને ઉદ્યોગસાહસિક મોડેલોનું નિર્માણ કરતી નવીન દરખાસ્તો.

૪. ગુજરાતમાં સેવા ક્ષેત્રનો વિકાસઃરાજ્યના મુખ્ય સેવા ઉદ્યોગોમાં સ્પર્ધાત્મકતાને પ્રોત્સાહિત કરવા અને વિકાસની નવી તકોને ઉજાગર કરવા માટે વ્યૂહાત્મક વિકાસના ક્ષેત્રો પર કેન્દ્રિત સંશોધન. - નિતિન રથવી

### અદાણી સ્કિલ્સ એન્ડ એજ્યુકેશન KSU ખાતે ગ્રીન એનર્જી, પોર્ટ, લોજિસ્ટિક અને કન્સ્ટ્રક્શન જેવા ક્ષેત્રના તાલીમ કાર્યક્રમો શરૂ કરશે

# કૌશલ્યા-ધ સ્કિલ યુનિવર્સિટીના શિલજ કેમ્પસ ખાતે નવીન અભ્યાસક્રમો શરૂ કરવા અદાણી સ્કિલ્સ એન્ડ એજ્યુકેશને લેટર ઓફ ઈન્ટેન્ટ પર હસ્તાક્ષર કર્યા



કૌશલ્યા- ધ સ્કિલ યુનિવર્સિટીના નવનિર્માણ પામી રહેલા શિલજ કેમ્પસ ખાતે "સેન્ટર ફોર કેપેસિટી બિલ્ડિંગ એન્ડ ટ્રેનિંગ" હેઠળ નવા અભ્યાસક્રમો શરૂ કરવા અદાણી સ્કિલ્સ એન્ડ એજ્યુકેશન સંસ્થા સહભાગી બનશે. આ માટે ગાંધીનગર ખાતે કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળિયા તેમજ રાજ્ય મંત્રી શ્રી કાંતિભાઈ અમૃતિયાની પ્રેરક ઉપસ્થિતિમાં કૌશલ્યા યુનિવર્સિટી અને અદાણી સ્કિલ્સ એન્ડ એક્યુકેશને લેટર ઓફ ઈન્ટેન્ટ પર હસ્તાક્ષર કર્યા હતા.

કૌશલ્યા - ધ સ્કિલ યુનિવર્સિટીના શિલજ કેમ્પસ ખાતે વિવિધ ઉદ્યોગગૃહોની સહાયતાથી વર્ષ ૨૦૨૫-૨૬માં "સેન્ટર ફોર કેપેસિટી બિલ્ડીંગ એન્ડ ટ્રેનિંગ"ની નવી બાબત મંજૂર કરવામાં આવી હતી. જેમાં નવા અભ્યાસક્રમો શરૂ કરવા માટે ઉદ્યોગગૃહો કેપિટલ અને ઓપરેશનલ ખર્ચ સાથે કૌશલ્યા યુનિવર્સિટી સાથે પાર્ટનરશિપ કરશે અને બદલાતી ટેકનોલોજીને અનુરૂપ તાલીમ કાર્યક્રમો ઉદ્યોગોની મદદથી ચલાવી શકાશે. આ કાર્યક્રમ હેઠળ અદાણી સ્કિલ્સ એન્ડ એજ્યુકેશન દ્વારા કૌશલ્યા કેમ્પસ ખાતે ગ્રીન એનર્જી, પોર્ટ, લોજિસ્ટિક, ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને કન્સ્ટ્રક્શન સહિતના વિવિધ ક્ષેત્રોમાં અભ્યાસક્રમો શરૂ કરવા માટે આજે ગાંધીનગર ખાતે લેટર ઓફ ઈન્ટેન્ટ પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા.

આ પ્રસંગે શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગના અગ્ર સચિવ શ્રી વિનોદ રાવ, કૌશલ્યા-ધ સ્કિલ યુનિવર્સિટીના ડાયરેક્ટર જનરલ ડૉ. એસ. પી. સિંઘ, રજિસ્ટ્રાર શ્રી રેખા નાયર સહિતના ઉચ્ચ અધિકારીશ્રીઓ તેમજ અદાણી સ્કિલ્સ એન્ડ એજ્યુકેશનના વરિષ્ઠ પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા.

- નિતિન રથવી

### શેખ હસીનાને વધુ એક મોટો ઝટકો

# ઢાકા કોર્ટે જમીન કૌભાંડ કેસમાં સંભળાવી સજા

(સંપૂર્ણ સમાચાર સેવા)ઢાકા

બાંગ્લાદેશની એક કોર્ટે જમીન કૌભાંડ કેસમાં પૂર્વ વડાપ્રધાન શેખ હસીના અને તેમની બહેન અને ભાણી તેમજ બ્રિટિશ સાંસદ ટ્યૂલિપ સિદ્દીકને જેલની સજા ફટકારી છે.

સ્થાનિક મીડિયાએ આ સમાચાર આપ્યા છે. કોર્ટે ચુકાદો આપ્યો છે કે વડાપ્રધાન તરીકે સેવા આપતી વખતે હસીનાએ સત્તાનો દુરુપયોગ કરીને ગેરકાયદેસર રીતે જમીન પ્લોટ મેળવ્યા હતા.

હસીનાએ અધિકારીઓ સાથે મળીને ઢાકા ઈમ્પ્રૂવમેન્ટ ટ્રસ્ટ (જમીન ફાળવણી) નિયમો, ૧૯૬૯નું ઉલ્લંઘન કરીને પૂર્વાચલના સેક્ટર ૨૭ના ડિપ્લોમેટિક ઝોનમાં ગેરકાયદેસર રીતે છ પ્લોટ ફાળવ્યા હતા. આ પ્લોટ હસીનાના પુત્ર સજીબ વાઝેદ જોય, પુત્રી સાયમા વાઝેદ પુતુલ, બહેન રેહાના અને રેહાનાની પુત્રી ટ્યૂલિપ રિઝવાના મુજીબ સિદીકને ફાળવવામાં આવ્યા હતા.

ભ્રષ્ટાચાર વિરોધી આયોગ (ACC)એ અત્યાર સુધીમાં પૂર્વ વડાપ્રધાન શેખ હસીનાને કુલ ચાર ભ્રષ્ટાચારના કેસમાં દોષિત ઠેરવ્યા છે. હસીનાની રાજકીય કારકિર્દી અને તેમના દેશમાં પાછા ફરવા માટે આ એક મોટો ઝટકો માનવામાં આવી રહ્યો છે. આ કોર્ટનો નિર્ણય એવા સમયે આવ્યો છે જ્યારે તે પહેલાથી જ અનેક કાનૂની પડકારોનો સામનો કરી રહી છે.

# દિતવાહ વાવાઝોડું ડીપ ડિપ્રેશનમાં ફેરવાતા દક્ષિણ ભારતે લીધો રાહતનો શ્વાસ

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

દક્ષિણ-પશ્ચિમ બંગાળની ખાડી પર સર્જાયેલું દિતવાહ વાવાઝોડું હવે ડીપ ડિપ્રેશનમાં ફેરવાઈ ગયું છે. આ પરિવર્તનને કારણે, જે જિલ્લાઓ માટે અગાઉ અતિભારે વરસાદની ચેતવણી આપવામાં આવી હતી ત્યાં હવે રાહત જોવા મળી રહી છે. પ્રાદેશિક હવામાન વિજ્ઞાન કેન્દ્ર(RMC)ના જણાવ્યા મુજબ, આ સિસ્ટમ તમિલનાડુ-પુડુચેરી કિનારાને સમાંતર પસાર થતાં ધીમે ધીમે નબળી પડી છે. જોકે, રવિવાર સવાર સુધીના ૨૪ કલાકમાં કારાઈકલમાં સૌથી વધુ ૧૯ સેમી વરસાદ નોંધાયો હતો, જ્યારે મયિલાદુથુરાઈ, નાગપટ્ટિનમ, સિર્કાઝી અને તિરુવારુર સહિત ડેલ્ટા વિસ્તારોમાં ૧૨થી ૧૭ સેમી જેટલો ભારે વરસાદ પડ્યો હતો. નબળી પડેલી આ સિસ્ટમ સોમવારે સવારે પુડુચેરીથી ૧૧૦ કિમી દક્ષિણ-પૂર્વ અને ચેન્નાઈથી ૧૮૦ કિમી દક્ષિણ-દક્ષિણ-પૂર્વમાં સ્થિત હતી અને તે ઉત્તર દિશા તરફ આગળ વધી રહી છે.

### યાત્રાળુઓએ ૫૬૨ વૃક્ષોનું વાવેતર કરી પર્યાવરણ સંરક્ષણનો સંદેશ આપ્યો

# સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મજયંતીના અવસરે મુંબઈથી પ્રારંભ થયેલી 'ગોદાવરી પ્રવાહ યાત્રા'નું સુરતમાં ભાવભર્યું સ્વાગત

દેશની એકતા, અખંડિતતા અને રાષ્ટ્રીય ચેતનાના પ્રતિક લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મજયંતિની ઉજવણીના ભાગરૂપે મુંબઈથી પ્રસ્થાન થયેલી 'ગોદાવરી પ્રવાહ યાત્રા' આજે સુરતના વાલક પાટીયા સ્થિત સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજ જમનાબા વિદ્યાર્થી ભવન ખાતે આવી પહોંચી હતી.



યાત્રાના આગમન પ્રસંગે ઢોલ-નગારાના નાદ સાથે યુવા કાર્યકરોનું પરંપરાગત તિલક કરી દેશભક્તિના સૂરો વચ્ચે યાત્રાળુઓને આવકાર્યા હતા. સાથોસાથ દક્ષિણ ભારતના વિવિધ રાજ્યોના ૩૦૦થી વધુ યુવા કાર્યકરોએ સરદાર સાહેબની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી હતી. સૌ યાત્રાળુઓએ ગુજરાતી ભોજનનો આસ્વાદ માણ્યો હતો.

તા. ૧લી ડિસેમ્બરના રોજ ગોદાવરી પ્રવાહના યાત્રાળુઓએ વાલક પાટીયા સ્થિત સરકારી કોલેજ માટે ફાળવાયેલી જમીનમાં ૫૬૨ રોપાઓનું વાવેતર કરી વૃક્ષારોપણ દ્વારા પર્યાવરણ સંરક્ષણનો સશક્ત સંદેશ આપ્યો હતો. કાર્યક્રમ દરમિયાન સરદાર પટેલના આદર્શ વ્યક્તિત્વને યાદ કરતાં યુવાનોમાં રાષ્ટ્રીય એકતા, રાષ્ટ્રપ્રેમ અને રાષ્ટ્રનિર્માણની ભાવના મજબૂત બને તે દિશામાં પ્રેરણાદાયી મંથન કરાયું હતું. સરદાર પટેલજીના જીવન, કાર્ય અને દેશની એકતામાં તેમના અવિસ્મરણીય યોગદાન વિશે ગોષ્ઠિ કરાઈ હતી.

જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિની કચેરી-સુરત દ્વારા ગણેશ વંદના, મિશ્ર રાસ, ગરબો અને આદિવાસી લોકનૃત્ય અને સપ્તરંગી ગુજરાત જેવા નૃત્યો રજૂ કરવામાં આવ્યા હતા. ગોદાવરી યાત્રામાં સામેલ દક્ષિણ ભારતના વિવિધ રાજ્યોના યુવાઓએ સુરત આગમન દરમિયાન આદિવાસી નૃત્યોના તાલે જૂમી, ગરબે ઘૂમ્યા હતા.

આ પ્રસંગે રાષ્ટ્રીય પોલિસી એન્ડ રિસર્ચના સંયોજક વરૂણ ઝવેરી, યુવા મોરચાના પ્રદેશ મહામંત્રી ઈશાન સોની, સુરત યુવા મોર્ચાના અધ્યક્ષ ભાવિનભાઈ, પ્રભારી ભાવિકાબેન, મહામંત્રી પાર્થભાઈ, વિવેકભાઈ, શહેર ઉપાધ્યક્ષ પ્રવિણ પાટીલ, મંત્રી ચિરાગ સાવલિયા, હર્ષ મહેતા, પ્રાંત અધિકારી વી.જે.ભંડારી, મામલતદારશ્રી પુણા સુનિલભાઈ વાણિયા, કોર્પોરેટરો સહિત મહામંત્રી કાળુભાઈ ભીમનાથ, સંગઠનના હોદ્દેદારોએ ઉપસ્થિત રહીને યાત્રાને આવકારી હતી અને સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી હતી.

ગરવી ગુજરાત




- એક શુભેચ્છક

RNI No. GUJGUJ/2008/26148 Printed, Published & Owned by AJAYKUMAR RAMANLAL PRAJAPATI and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004 (2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002 and Published from TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005. Editor : AJAYKUMAR RAMANLAL PRAJAPATI

# ડેઈલી માર્કેટ રિપોર્ટઃ ચાંદીનો વાયદો રૂ.૧.૭૯ લાખના ઓલ ટાઈમ હાઈ સ્તરેઃ સોનાના વાયદામાં રૂ.૧૪૫૨નો જંગી ઉછાળો

## ક્રૂડ તેલના વાયદામાં રૂ.૨નો મામૂલી ઘટાડોઃ કોમોડિટી વાયદાઓમાં રૂ.૪૮૭૨૫.૭૪ કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૧૦૪૫૪૬.૬૯ કરોડનું ટર્નઓવરઃ સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. ૪૨૩૧૧.૭૬ કરોડનાં કામકાજઃ બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ વાયદો ૩૧૨૪૫ પોઈન્ટના સ્તરે

મુંબઈઃ દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ તથા ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઓપ્શન્સમાં રૂ.૧૫૩૨૯૨.૬૮ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.૪૮૭૨૫.૭૪ કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં રૂ.૧૦૪૫૪૬.૬૯ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. ઈન્ડેક્સ વાયદાઓમાં રૂ.૨૦.૧૫ કરોડ અને ઈન્ડેક્સ ઓપ્શન્સમાં રૂ..૧ કરોડનાં કામકાજ થયાં હતાં. બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ ડિસેમ્બર વાયદો ૩૧૨૪૫ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.૨૪૭૨.૦૫ કરોડનું થયું હતું.

કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. ૪૨૩૧૧.૭૬ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું ફેબ્રુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૨૯૯૯૯ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૩૧૨૬૦ અને નીચામાં રૂ.૧૨૯૯૦૦ના મથાળે અથડાઈ, રૂ.૧૨૯૫૦૪ના આગલા બંધ સામે રૂ.૧૪૫૨ના ઉછાળા સાથે રૂ.૧૩૦૯૫૬ના સ્તરે પહોંચ્યો હતો. ગોલ્ડ-ગિની ડિસેમ્બર વાયદો ૮ ગ્રામદીઠ રૂ.૧૨૮૮ ઊછળી રૂ.૧૦૪૫૦૮ થયો હતો. ગોલ્ડ-પેટલ ડિસેમ્બર વાયદો ૧ ગ્રામદીઠ રૂ.૧૭૪ વધી રૂ.૧૩૧૧૯ના ભાવે બોલાયો હતો. સોનું-મિની જાન્યુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૫૪૮ની તેજી સાથે રૂ.૧૨૯૮૫૨ થયો હતો. ગોલ્ડ-ટેન ડિસેમ્બર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૨૮૯૪૭ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૩૦૨૯૬ અને નીચામાં રૂ.૧૨૮૮૮૫ના મથાળે અથડાઈ, રૂ.૧૨૮૪૧૫ના આગલા બંધ સામે રૂ.૧૬૧૫ના ઉછાળા સાથે રૂ.૧૩૦૦૩૦ થયો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી માર્ચ વાયદો કિલોદીઠ રૂ.૧૭૭૮૫૮ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૭૯૭૮૩ના ઓલ ટાઈમ હાઈ અને નીચામાં રૂ.૧૭૫૮૬૭ના સ્તરને સ્પર્શી, રૂ.૧૭૪૯૮૧ના આગલા બંધ સામે રૂ.૪૦૩૧ના ઉછાળા સાથે રૂ.૧૭૯૦૧૨ થયો હતો. કિલોદીઠ ચાંદી-મિની ફેબ્રુઆરી વાયદો રૂ.૪૩૪૮ ઊછળી રૂ.૧૭૯૭૨૦ના સ્તરે પહોંચ્યો હતો. ચાંદી-માઈક્રો ફેબ્રુઆરી વાયદો રૂ.૪૨૯૫ની તેજી સાથે રૂ.૧૭૯૭૧૫ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.

બિનલોહ ધાતુઓમાં રૂ. ૧૯૯૩.૦૨ કરોડનાં કામકાજ થયાં હતાં. કિલોદીઠ તાંબું ડિસેમ્બર વાયદો રૂ.૮.૫ વધી રૂ.૧૦૪૪.૯ના સ્તરે પહોંચ્યો હતો. જસત ડિસેમ્બર વાયદો રૂ.૨ વધી રૂ.૩૦૫.૧૫ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એલ્યુમિનિયમ ડિસેમ્બર વાયદો રૂ.૧.૯ વધી રૂ.૨૭૪.૯૫ના સ્તરે પહોંચ્યો હતો. સીસું ડિસેમ્બર વાયદો ૫ પૈસા વધી રૂ.૧૮૧.૭૫ થયો હતો.

એનર્જી સેગમેન્ટમાં રૂ. ૩૯૯૪.૬૧ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ ઈલેક્ટ્રિસિટી ડિસેમ્બર વાયદો એમડબલ્યુએચદીઠ રૂ.૩૭૭૦ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૩૮૮૮ અને નીચામાં રૂ.૩૭૦૩ના સ્તરને સ્પર્શી, રૂ.૨૪૮ વધી રૂ.૩૮૪૭ના સ્તરે પહોંચ્યો હતો. ક્રૂડ તેલ ડિસેમ્બર વાયદો બેરલદીઠ રૂ.૫૩૬૬ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૫૩૯૨ અને નીચામાં રૂ.૫૩૦૫ના મથાળે અથડાઈ, રૂ.૫૩૨૪ના આગલા બંધ સામે રૂ.૨ ઘટી રૂ.૫૩૨૨ થયો હતો. ક્રૂડ તેલ-મિની ડિસેમ્બર વાયદો રૂ.૧ ઘટી રૂ.૫૩૨૩ થયો હતો. નેચરલ ગેસ ડિસેમ્બર વાયદો એમએમબીટીયુદીઠ રૂ.૩.૮ વધી રૂ.૪૨૯.૫ના સ્તરે પહોંચ્યો હતો. નેચરલ ગેસ-મિની ડિસેમ્બર વાયદો રૂ.૩.૮ વધી રૂ.૪૨૯.૫ના સ્તરે પહોંચ્યો હતો.

કૃષિચીજોના વાયદાઓમાં મેન્થા તેલ ડિસેમ્બર વાયદો કિલોદીઠ રૂ.૯૦૯ના ભાવે ખૂલી, રૂ.૧ ઘટી રૂ.૯૦૯ થયો હતો. એલચી ડિસેમ્બર વાયદો કિલોદીઠ રૂ.૨૬૩૫ના ભાવે ખૂલી, રૂ.૨૯ વધી રૂ.૨૭૧૧ થયો હતો. કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં રૂ. ૨૧૫૨૮.૩૩ કરોડ અને ચાંદીના વિવિધ વાયદાઓમાં રૂ. ૨૦૭૮૩.૪૩ કરોડનાં કામકાજ થયાં હતાં. તાંબાંના વાયદાઓમાં રૂ. ૧૪૯૪.૮૮ કરોડ, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીના વાયદાઓમાં રૂ. ૧૫૬.૭૩ કરોડ, સીસું અને સીસું-મિનીના વાયદાઓમાં રૂ. ૬૬.૮૮ કરોડ, જસત અને જસત-મિનીના વાયદાઓમાં રૂ. ૨૭૩.૮૬ કરોડનાં કામકાજ થયાં હતાં.

ઈલેક્ટ્રિસિટીના વાયદામાં રૂ. ૧૨.૬૪ કરોડનાં કામકાજ થયાં હતાં. ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિનીના વાયદાઓમાં રૂ. ૬૪૨.૫૧ કરોડનાં કામકાજ થયાં હતાં. નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિનીના વાયદાઓમાં રૂ. ૩૩૩૯.૪૬ કરોડનાં કામ થયાં હતાં. મેન્થા તેલના વાયદામાં રૂ. ૦.૯૮ કરોડનાં કામ થયાં હતાં. એલચીના વાયદામાં રૂ. ૧.૦૬ કરોડનાં કામ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ સોનાના વાયદાઓમાં ૧૫૭૫૭ લોટ, સોનું-મિનીના વાયદાઓમાં ૬૩૪૫૨ લોટ, ગોલ્ડ-ગિનીના વાયદાઓમાં ૧૯૪૪૮ લોટ, ગોલ્ડ-પેટલના વાયદાઓમાં ૨૯૪૬૭૦ લોટ અને ગોલ્ડ-ટેનના વાયદાઓમાં ૩૧૨૫૮ લોટના સ્તરે હતો. ચાંદીના વાયદાઓમાં ૧૯૭૫૧ લોટ, ચાંદી-મિનીના વાયદાઓમાં ૪૧૫૦૩ લોટ અને ચાંદી-માઈક્રો વાયદાઓમાં ૧૧૪૬૫૪ લોટના સ્તરે રહ્યો હતો. ઈલેક્ટ્રિસિટીના વાયદાઓમાં ૬૭૮ લોટ, ક્રૂડ તેલના વાયદાઓમાં ૧૬૭૧૬ લોટ, નેચરલ ગેસના વાયદાઓમાં ૩૧૭૭૫ લોટના સ્તરે રહ્યો હતો. ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, બુલડેક્સ ડિસેમ્બર વાયદો ૩૧૦૦૧ પોઈન્ટના સ્તરે ખૂલી, ઉપરમાં ૩૧૩૦૦ પોઈન્ટના સ્તર અને નીચામાં ૩૦૩૦૧ પોઈન્ટના સ્તરને સ્પર્શી, ૫૮૨ પોઈન્ટ વધી ૩૧૨૪૫ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો.

કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ ડિસેમ્બર રૂ.૫૪૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૭.૪ ઘટી રૂ.૧૧૫ના ભાવે બોલાયો હતો. જ્યારે નેચરલ ગેસ ડિસેમ્બર રૂ.૪૩૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ ૮૫ પૈસા વધી રૂ.૨૬.૯૫ના ભાવે બોલાયો હતો.

સોનું ડિસેમ્બર રૂ.૧૩૬૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૫૫૩.૫ વધી રૂ.૧૪૭૪ થયો હતો. આ સામે ચાંદી ડિસેમ્બર રૂ.૧૭૯૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૨૨૯૬ વધી રૂ.૮૭૮૫ થયો હતો. તાંબું ડિસેમ્બર રૂ.૧૦૫૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૪.૩૪ વધી રૂ.૧૮.૫૧ના ભાવે બોલાયો હતો. જસત ડિસેમ્બર રૂ.૩૦૫ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ ૬૬ પૈસા વધી રૂ.૪.૮૫ થયો હતો.

પુટ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ ડિસેમ્બર રૂ.૫૩૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૩.૯ ઘટી રૂ.૧૪૭.૧ થયો હતો. જ્યારે નેચરલ ગેસ ડિસેમ્બર રૂ.૪૩૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૨.૨૫ ઘટી રૂ.૨૮.૦૫ થયો હતો.

સોનું ડિસેમ્બર રૂ.૧૨૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૨૩ ઘટી રૂ.૨૯૬.૫ના ભાવે બોલાયો હતો. આ સામે ચાંદી ડિસેમ્બર રૂ.૧૬૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૫૧૧ ઘટી રૂ.૧૮૦૧ના ભાવે બોલાયો હતો. તાંબું ડિસેમ્બર રૂ.૧૦૨૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૨.૩૩ ઘટી રૂ.૯.૯૬ થયો હતો. જસત ડિસેમ્બર રૂ.૩૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૧.૯૬ ઘટી રૂ.૨.૭૬ના ભાવે બોલાયો હતો.

### મેનપૂરા ખાતે સરદાર@૧૫૦ એકતા પદયાત્રા અતર્ગત યોજાયેલી સરદાર ગાથામાં ભારત સરદાર પટેલની દેશસેવા થઈ જીવંત

# સરદાર સાહેબે શરૂઆતથી જ સ્પષ્ટ કહી દીધું હતું કે, "અમે કાશ્મીરની એક ઈંચ ભૂમિ પણ કોઈને નહીં આપીએ - એલજી શ્રી મનોજ સિંહા

વડોદરા જિલ્લાના મેનપૂરા ખાતે પહોંચેલી સરદાર@૧૫૦ એકતા પદયાત્રા દરમિયાન યોજાયેલી સરદાર ગાથામાં 'કાશ્મીર, હૈદરાબાદ અને સરદાર' વિષય ઉપર પ્રકાશ પાડતા જમ્મ-કાશ્મીરના રાજ્યપાલ શ્રી મનોજ સિંહાએ જણાવ્યું કે, જો તે સમયે જમ્મુ-કાશ્મીરની જવાબદારી સરદાર પટેલ પાસે હોત, તો કદાચ છ દાયકાથી પણ વધુ સમય સુધી આ સમસ્યા બની ન રહેતી જે ત્યાંના લોકોએ વેઠી છે. સરદાર પટેલ મૂળભૂત રીતે કર્મઠ વ્યક્તિ હતા અને તેમના જીવન દર્શનને ટાંકતા તેમણે કહ્યું કે 'ઈતિહાસ લખવામાં સમય બરબાદ કરવાને બદલે, તેનું નિર્માણ કેમ ન કરવું'. સરદાર સાહેબે શરૂઆતથી જ સ્પષ્ટ કહી દીધું હતું કે, "અમે કાશ્મીરની એક ઈંચ ભૂમિ પણ કોઈને નહીં આપીએ".

શ્રી સિંહાએ સરદાર પટેલને ભારતનો આત્મવિશ્વાસ, સ્વાભિમાન, પરાક્રમ અને પુરુષાર્થ ગણાવ્યા હતા. તેમણે જણાવ્યું કે આઝાદી પછી રાષ્ટ્રની સેવામાં તેમણે પોતાનું ક્ષણે-ક્ષણ સમર્પિત કર્યું હતું. સરદાર સાહેબે પોતાની અદમ્ય ઈચ્છાશક્તિ, સ્પષ્ટ દ્રષ્ટિકોણ અને કુશળ સંગઠન શક્તિના બળ પર ૫૬૨ જેટલી રિયાસતોનું ભારતમાં વિલીનીકરણ કરાવીને અખંડ ભારતનું સ્વપ્ન સાકાર કર્યું. રાજ્યપાલે સ્પષ્ટપણે જણાવ્યું કે જો સરદાર પટેલ ન હોત, તો કદાચ ભારતનો ભૂગોળ ખંડિત થઈ ગયો હોત.

રાજ્યપાલશ્રીએ આ રાષ્ટ્રીય એકતા પદયાત્રાના મહત્વ પર ભાર મૂકતા કહ્યું હતું કે, સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જયંતીના આ ઐતિહાસિક અવસર પર આયોજિત આ પદયાત્રા સરદાર સાહેબના આદર્શો, મૂલ્યો, સિદ્ધાંતો અને તેમની શિક્ષા પર ચાલવાનો સંકલ્પ છે. આ પદયાત્રા ભારત નિર્માણના સામૂહિક સંકલ્પનું પ્રતીક છે, તેમજ યુવા ઊર્જા સાથે વિકસિત ભારતના નિર્માણને ગતિ આપવાની પ્રતિબદ્ધતાનું પણ પ્રતીક છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે આજે જો ભારત પોતાને વિશ્વનું સૌથી મોટું લોકતંત્ર કહેવામાં ગૌરવ અનુભવે છે, તો તેની પાછળ સરદાર પટેલના આદર્શો અને તેમના વિઝનની સૌથી મોટી તાકાત રહેલી છે.

શ્રી મનોજ સિંહાએ જણાવ્યું કે સરદાર વલ્લભભાઈ પટેલ અને ડૉ. શ્યામા પ્રસાદ મુખર્જીના આ અધૂરા સ્વપ્નને ભારતના વર્તમાન વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીજીએ ૫ ઓગસ્ટ, ૨૦૧૯ના રોજ બંધારણમાંથી અનુચ્છેદ ૩૭૦ ને સમાપ્ત કરીને પૂર્ણ કર્યું છે.

આ પગલાથી લાંબા ઈંતેજાર પછી સમગ્ર ભારતને એકતાના સૂત્રમાં બાંધવાનું કાર્ય થયું અને 'એક દેશમાં એક નિશાન, એક વિધાન અને એક પ્રધાન'નો સંકલ્પ સાકાર થયો. તેમણે ઉમેર્યું કે છેલ્લા પાંચ વર્ષોમાં જમ્મુ-કાશ્મીરમાં શાંતિ, સ્થિરતા અને આશાના નવા યુગની શરૂઆત થઈ છે, જ્યાં હવે પથ્થરબાજી થતી નથી કે પાકિસ્તાનના ઈશારે કોઈ બંધ કે હડતાળ થતી નથી.

યુવાનોને આહ્વાન કરતાં રાજ્યપાલશ્રીએ કહ્યું કે, સરદાર સાહેબે કહ્યું હતું કે, "એકતા વિના કોઈ પણ રાષ્ટ્ર મહાન બની શકતું નથી". એકતા જ રાષ્ટ્રની સૌથી મોટી શક્તિ હોય છે, જેના ત્રણ મહત્વપૂર્ણ આધારસ્તંભો છે : સામુહિક મૂલ્ય, સામુહિક ઓળખ અને એક સમાન ઉદ્દેશ્ય. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે રાષ્ટ્રના વિકાસ માટેના પાંચ આધારસ્તંભો – કાયદાનું શાસન (રૂલ ઓફ લો), રાષ્ટ્રીય ઓળખ અને સામાજિક સૌહાર્દ, મેરિટોક્રેસી અને શિક્ષિત માનવ મૂડી, સામાજિક આર્થિક સમતા અને સુશાસન – આ બધાનો મુખ્ય આધાર આપણી એકતા છે. એકતા એ રાષ્ટ્રનું અદ્રશ્ય ઈન્ફ્રાસ્ટ્રક્ચર છે, જે પ્રગતિને નિરંતર સુનિશ્ચિત કરે છે.

નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ ડભોઈના મેનપુરા ખાતે આયોજિત 'સરદાર સભા' માં જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સરદાર સાહેબની ૧૫૦મી જન્મજયંતી ઐતિહાસિક રીતે



ઉજવવાનો નિર્ણય લીધો છે. આ ઉજવણીનો મુખ્ય ઉદ્દેશ્ય સરદાર સાહેબના દૂરંદેશી વિચારો, દેશની એકતા માટેના તેમના મહત્વના નિર્ણયો અને દેશને એક રાખવામાં તેમના મહત્વના ફાળાને દેશ અને દુનિયા સુધી પહોંચાડવાનો છે. આ ઐતિહાસિક યાત્રાઓનું આયોજન કાશ્મીરથી લઈને કન્યાકુમારી સુધી દેશના દરેક જિલ્લાઓ, વિધાનસભા અને લોકસભાના ક્ષેત્રોમાં કરવામાં આવ્યું છે, જેથી સરદાર સાહેબના વિચારો આ દેશના યુવાનો સુધી પહોંચી શકે.

ઉપ મુખ્યમંત્રીશ્રીએ દેશના ઈતિહાસ અંગે સ્પષ્ટપણે વાત કરતા જણાવ્યું કે, સરદાર સાહેબ દ્વારા દેશ માટે કરવામાં આવેલા કામો અને આપેલા યોગદાનોને ષડયંત્રના ભાગરૂપે રૂપે દબાવી દેવામાં આવ્યા હતા. દેશના નાગરિકોને ક્યારેય એવો અંદાજ ન આવી શકે કે દેશને એકત્ર રાખવા માટે સરદાર સાહેબની દૂરંદેશીના અને તેમના એક પછી એક કડક નિર્ણયોના પરિણામે આજે આપણે સૌ એક છીએ. સરદાર સાહેબના વિચારો, ઉપલબ્ધિઓ અને નિર્ણયો દેશના યુવાનો સુધી ન પહોંચાડવા માટેનું ષડયંત્ર વર્ષો વર્ષ સુધી ચલાવવામાં આવ્યું છે.

નાયબ મુખ્યમંત્રીશ્રીએ યુવાનોને સંબોધતા જણાવ્યું કે, આપણા સૌનું નસીબ સારું છે કે ૨૦૧૪માં આપણને એક એવા પ્રધાનમંત્રીશ્રી મળ્યા, જેમણે પોતાના માટે નહીં પણ દેશ માટે એક પછી એક નિર્ણયો લીધા. આજે સરદાર સાહેબની ૧૫૦મી જન્મજયંતીના સ્વરૂપમાં જે યાત્રા નીકળી રહી છે, તે દેશના ઈતિહાસની સૌથી મોટી યાત્રા છે. એકતા યાત્રાના આયોજન અંગે નાયબ મુખ્યમંત્રીશ્રીએ કેન્દ્રીય મંત્રી શ્રી મનસુખભાઈ માંડવીયાનો આભાર વ્યક્ત કરતા ઉમેર્યું કે, શ્રી માંડવિયા સરદાર સાહેબના વિચારો ગામેગામ પહોંચે અને લોકોના જીવનમાં બદલાવ લાવે તે માટે છેલ્લા અનેક દિવસોથી બેઠકો લઈ રહ્યા હતા અને દેશભરમાંથી પધારેલા યુવા સાથીઓને વ્યવસ્થા પૂરી પાડવા તથા તેમને સમાજ માટે યોગદાન આપવા પ્રેરિત કરવા માટે તેઓ છેલ્લા ત્રણ દિવસથી સતત આ પદયાત્રામાં જોડાયેલા છે.

શ્રી સંઘવીએ રાષ્ટ્રીય એકતાના મૂલ્ય પર ભાર મૂકતા એક મહત્ત્વપૂર્ણ વાત કહી. તેમણે લોકોને પૂછ્યું કે જો સરદાર સાહેબે આ દેશને એકત્ર રાખવા માટે કાર્ય ન કર્યું હોત અને ૫૬૫ રજવાડાઓએ તેમના વિચારો સાથે જોડાઈને દેશને એક રાખવા માટે રજવાડાઓનો ત્યાગ ન કર્યો હોત, તો આજે પરિસ્થિતિ કેવી હોત તેનો અંદાજ નથી.

તેમણે ઉદાહરણ આપતા કહ્યું કે, જો સરદાર સાહેબ ન હોત, તો રામ મંદિર, પંજાબના ગોલ્ડન ટેમ્પલ, કે માં વૈષ્ણવ દેવીના ધામમાં દર્શન કરવા જવા માટે પાસપોર્ટ લઈને જવું પડત અને પાસપોર્ટ પર સિક્કો લગાવીને જ દર્શન મળતા. તેવી જ રીતે, દેશભરમાંથી આવેલા યુવાનોને આજે ગુજરાતમાં આવવા માટે પાસપોર્ટ પર વીઝા લેવો પડત. આ દેશને એક રાખનારા સરદાર સાહેબને આપણે સૌએ વંદન કરવા જોઈએ અને નમન કરવા જોઈએ.

આ પ્રસંગે મંત્રીશ્રી અર્જુનભાઈ મોઢવાડીયાએ જણાવ્યું હતું કે 'સરદાર જ ૧૫૦' અંતર્ગત વડાપ્રધાનશ્રીના પ્રયાસથી સરદાર સાહેબે કરેલા અનેક કામોનો ઈતિહાસ આજે આપણી નજર સામે છે, જે અગાઉ ભુલાવી દેવામાં આવ્યા હતા. સરદાર સાહેબનું સમગ્ર જીવન આઝાદીની લડાઈમાં નેતૃત્વ કરવામાં સમર્પિત થયું હતું. સરદાર સાહેબ એવા મહાપુરુષ હતા જેમણે ધીકતી કમાણી છોડીને, સમૃદ્ધિનું પ્રતીક ગણાતી ઈંગ્લેન્ડની શિક્ષણની ડિગ્રી અને સફળ પ્રેક્ટિસનો ત્યાગ કરીને, જેલ જવાનો રસ્તો પસંદ કર્યો હતો, જે ખૂબ મોટી વાત હતી. વડાપ્રધાન થવા માટેના તમામ ગુણો સરદાર સાહેબમાં હોવા છતાં, તેમને વડાપ્રધાન ન બનાવાયા, છતાં તેમણે જરાય મનની અંદર કડવાશ રાખ્યા વગર દેશે આપેલી જવાબદારી નિષ્ઠાપૂર્વક બજાવી હતી.

ધારાસભ્ય શ્રી શૈલેષભાઈ મહેતાએ પ્રાસંગિક પ્રવચનમાં આ વિસ્તારની ઐતિહાસિક અને ધાર્મિક મહત્તા વર્ણવી હતી.

કાયમી પદયાત્રી તરીકે જોડાયેલા હિમાચલ અને છત્તીસગઢના યુવાનોએ પોતાના પ્રતિભાવો વ્યક્ત કર્યા હતા. મહાનુભાવોના હસ્તે ગામના તેજસ્વી છાત્રો, અગ્રણીઓનું સન્માન કરવામાં આવ્યું હતું. મહાનુભાવો દ્વારા સ્મૃતિ વનમાં વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું.

આ વેળાએ રાજ્ય મંત્રી શ્રી સ્વરૂપજી ઠાકોર, શ્રી ત્રિકમભાઈ છાંગા, જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી ગાયત્રીબા મહિડા, શ્રી અશ્વિનભાઈ વકીલ, અગ્રણી શ્રી રસિકભાઈ પ્રજાપતિ, કલેક્ટર ડો. અનિલ ધામેલિયા, જિલ્લા વિકાસ અધિકારી શ્રીમતી મમતા હિરપરા સહિત ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# સિક લિવ પર ઉતરેલા પ્રભાસ પાટણના પીઆઈ સસ્પેન્ડઃ પોલીસ બેડામાં ચકચાર

પ્રતિનિધિ,ગાંધીનગર




ગીર સોમનાથ જિલ્લામાં પોલીસ બેડામાં ચકચાર જગાવતો એક બનાવ બહાર આવ્યો છે. જિલ્લા પોલીસ અધિક્ષક જયદીપસિંહ જાડેજા દ્વારા પ્રભાસ પાટણ પોલીસ ઈન્સ્પેક્ટર એમ વી પટેલને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. પી આઈ પટેલ મનસ્વી રીતે સિક લિવ (બિમારીની રજા) પર ઉતરી જતા એસ પી દ્વારા તેમની સામે આ પગલુ લેવામાં આવ્યુ છે.

મળતી માહિતી અનુસાર પીઆઈ એમ વી પટેલે તેમની ભત્રીજીના લગ્ન પ્રસંગ માટે રજાની માંગણી કરી હતી, જો કે તેમની રજા મંજુર કરવામાં આવી ન હતી, રજા મંજુર ન થતા પીઆઈ એમ વી પટેલ મનસ્વી રીતે સત્તાવાર મંજુરી વિના સિક લિવ પર ઉતરી ગયા હતા. આ ગંભીર શિસ્તભંગ અને ફરજમાં બેદરકારી ઘણીને એસ પી જયદીપસિંહ જાડેજાએ તાત્કાલીક અસર થી પીઆઈ એમ વી પટેલને સસ્પેન્ડ કરવાનો આદેશ આપ્યો હતો.

એસપી જાડેજા દ્વારા લેવામાં આવેલા આ કડક પગલાને લઈને સમગ્ર પોલીસ બેડામાં ચકચાર મચી જવા પામી છે.

આ પગલાએ પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓ વચ્ચે ફરજની ગેરહાજરી અને શિસ્તભંગના કિસ્સામાં કડક વલણ અપનાવવાનો સ્પષ્ટ સંદેશ આપ્યો છે.

# જનકેન્દ્રિત શાસનને વધુ મજબૂત બનાવવા ગુજરાત રાજભવનનું નામ હવેથી ગુજરાત 'લોકભવન'

ગુજરાતના માનનીય રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ કેન્દ્ર સરકારના માર્ગદર્શનના અનુસંધાનમાં એક મહત્વપૂર્ણ નિર્ણય જાહેર કર્યો છે. ગુજરાત રાજભવનનું નામ હવે સત્તાવાર રીતે 'લોક ભવન' રાખવામાં આવ્યું છે. આ પગલું લોક ભવનને વધુ જનસંપર્કક્ષમ, પારદર્શક અને લોકોના કલ્યાણને અર્પિત બનાવવાના ઉદ્દેશ સાથે જનચેતનાની નવી દિશા રજૂ કરે છે. 'લોક ભવન' તરીકે ઓળખાતું આ ભવન હવે માત્ર માનનીય રાજ્યપાલનું નિવાસસ્થાન કે કાર્યાલય પૂરતું જ નથી, પરંતુ રાજ્યના નાગરિકો, સમાજના વિવિધ વર્ગો, વિદ્યાર્થીઓ, સંશોધકો, કૃષિકારો અને નાગરિક સંગઠનો સાથે સંવાદ અને સહભાગીતાનું જીવંત કેન્દ્ર બની રહેશે. રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી એ કહ્યું કે, 'લોકભવન'નું મૂળતત્ત્વ છે જનતા સર્વોપરી. આ ભવન સરકાર અને રાજ્યના લોકો સાથે સેવા અને સહકારના સંવાદનો સેતુ બને — એ જ આ પરિવર્તનનો મુખ્ય હેતુ છે. રાજભવન માત્ર બંધારણીય જવાબદારીઓ સુધી સીમિત ન રહે, પરંતુ સમાજના કલ્યાણ, આશાઓ અને સમસ્યાઓ સાથે જીવંત રીતે જોડાય એ જ સાચા અર્થમાં 'લોક ભવન' છે.'' રાજ્યપાલશ્રીએ ઉમેર્યું કે, છેલ્લા વર્ષોમાં ગુજરાત રાજભવન દ્વારા અનેક લોકકલ્યાણકારી પ્રયાસો હાથ ધરાયા છે, જેમ કે પ્રાકૃતિક ખેતીનું રાષ્ટ્રવ્યાપી અભિયાન, યુનિવર્સિટીઓમાં નૈતિક શિક્ષણનું મજબૂતીકરણ, યુવાનો અને શોધાર્થીઓ સાથે સંવાદ, પર્યાવરણ સંરક્ષણ, મહિલા સશક્તિકરણ અને આદિવાસી વિકાસને પ્રોત્સાહિત કરતી પ્રવૃત્તિઓ. આ નિર્ણય રાજ ભવનના જનસેવાલક્ષી અભિગમને વધુ મજબૂત બનાવશે. મહત્વનું છે કે રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજી રાજ્યના ગ્રામ વિસ્તારની મુલાકાત લઈ રાત્રિ નિવાસ કરે છે. તેમજ ગામના અનુસુચિત જાતિ/જનજાતિ પરિવાર સાથે સાદું ભોજન તેમજ ગ્રામસફાઈ, પ્રાકૃતિક કૃષિ, વૃક્ષારોપણ અને ગામના સર્વાંગી વિકાસ માટે જનસંવાદ યોજી રહ્યા છે.

### યુવકનું માથું ધડથી થયું અલગ

# સુરતમાં રફતારની મજાએ લીધો એક બ્લોગરનો જીવ

(સંપૂર્ણ સમાચાર સેવા)સુરત

સુરતના એક બાઈક પ્રેમી યુટ્યુબરને પૂરઝડપે બાઈક દોડાવવા બદલા મોતની સજા મળી છે. વેસુના બ્રેડલાઈનર સર્કલ નજીક ગમખ્વાર અકસ્માતમાં બાઈક સ્લીપ થતા ૧૮ વર્ષીય પ્રિન્સ પટેલનું ઘટના સ્થળ પર કમકમાટીભર્યુ મોત નિપજ્યું છે.

સુરતના વેસુ વિસ્તારમાં આવેલ બ્રેડલાઈનર સર્કલ પર આજે અકસ્માતમાં KTM બાઈક ચાલકનું મોત નિપજ્યું છે. યુનિવર્સિટીથી બ્રેડ લાઈનર બ્રિજ ઉતરતા આ અકસ્માત થયો હતો. બાઈક ચાલક યુવકે સ્ટીયરીંગ પરથી કાબુ ગુમાવતા અકસ્માત થયા હોવાનું સામે આવ્યું છે. અકસ્માત એટલો ગંભીર રીતે થયો કે ચાલકનું માથું અને ધડ અલગ થઈ ગયું હતું. અકસ્માતમાં મોતને ભેટનાર યુવકનું નામ પ્રિન્સ પટેલ હતું, જે ૧૮ વર્ષનો હતો. પ્રાથમિક માહિતી મુજબ, પ્રિન્સ પટેલે હેલ્મેટ પણ પહેર્યું ન હતું. બનાવની જાણ થતાં જ ખટોદરા પોલીસનો કાફલો બનાવ સ્થળે દોડી આવ્યો હતો. હાલ ખટોદરા પોલીસે અકસ્માતનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. આ અકસ્માત એટલો અરેરાટીભર્યો હતો, કે તેને જોઈને આસપાસના લોકો પણ હચમચી ગયા હતા.

તપાસમાં સામે આવ્યું કે, KTM બાઈક ચાલક પ્રિન્સ પટેલ youtube ઉપર PKR BLOGGER હોવાનું સામે આવ્યું છે. પ્રિન્સ સોશિયલ મીડિયા પર પોતાની KTM બાઈકના બ્લોગ અને રીલ્સથી ચર્ચામાં રહેતો હતો. બાઈક પર "Monster" લખાવી વિશેષ લૂક આપ્યો હતો. ૨૨ સપ્ટેમ્બરનાં રોજ ઈન્સ્ટાગ્રામ પર નવી KTM ખરીદ્યાની જાણ કરી હતી તેના બાદ ૧૩ ઓક્ટોબરે પોસ્ટ કરેલી રીલમાં બાઈકની સ્પીડ ૧૪૦થી વધુ દેખાઈ હતી. પ્રિન્સને પોતાના બાઈક પ્રત્યે ખુબ જ લગાવ હતો. બે દિવસ પહેલાં બનાવેલી રીલમાં પ્રિન્સ પટેલે પોતાની બાઈક માટે ''લૈલા'' શબ્દનો ઉપયોગ કર્યો હતો. રીલમાં બાઈકને લઈને ભાવનાત્મક બોલિવુડ સ્ટાઈલ ગીત ઉમેર્યું હતું. ગીતમાં ''મજનુ–લેલા''નો ઉલ્લેખ કરી બાઈકને ખાસ સ્થાન આપ્યું હતું. આમ, પ્રિન્સનો બાઈક સાથેનો લાગણીસભર જોડાણ સોશિયલ મીડિયામાં સ્પષ્ટ દેખાતો હતો. રીલ્સને કારણે પ્રિન્સની ડ્રીમ બાઈક સોશ્યલ મીડિયા પર ચર્ચાનું કેન્દ્ર બની હતી. પ્રિન્સ પૂરઝડપે બાઈક ચલાવતો હોવાથી આ અકસ્માત સર્જાયો હોવાનું પ્રાથમિક તારણ છે.

# ગુજરાતમાં "હમારા શૌચાલય, હમારા ભવિષ્ય" અભિયાન અંતર્ગત સામૂહિક અને વ્યક્તિગત શૌચાલયોનુ રંગ-રોગાન કરાયું

વિશ્વ શૌચાલય દિવસ નિમિત્તે ગુજરાતમાં "હમારા શૌચાલય, હમારા ભવિષ્ય" અભિયાન અંતર્ગત સ્વચ્છ ભારત મિશન-ગ્રામીણ દ્વારા સ્વચ્છતા અંગે લોકોમાં જાગૃતિ વધારવા વિશેષ અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. આ અભિયાન અંતર્ગત વિવિધ ગામોના તમામ સામૂહિક તથા વ્યક્તિગત શૌચાલયોની મરામત, વ્યાપક સાફ-સફાઈ અને રંગરોગાન કરવામાં આવ્યું હતું. આ અભિયાનને સફળ બનાવવા ગ્રામ પંચાયત, સ્વચ્છતા કમિટી, સ્થાનિક સ્વયંસેવકોનો સક્રિય સહકાર મળ્યો છે. શૌચાલયોની દીવાલોને નવી રંગત આપવામાં આવી હતી તેમજ તૂટેલી ટાઈલ્સ, દરવાજા અને પાણીની ટોટીઓ જેવી સુવિધાઓની મરામત કરવામાં આવી રહી છે. આ ઉપરાંત નિકાલની વ્યવસ્થા, ડ્રેનેજ અને આસપાસના પરિસરની સંપૂર્ણ સફાઈ પણ સુનિશ્ચિત કરવામાં આવી રહી છે. મોરબી જિલ્લાના જૂના સાદુળકા, બાદનપર, વીરવાવ ગામમાં સામુહિક શૌચાલયોને રંગરોગાન કરી



સુશોભિત કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત વલસાડ જિલ્લાના બરઈ, ફણસા, વીરવલ, પલાણ તેમજ અમદાવાદ જિલ્લાના નાના ડોડીસરા, સુરેન્દ્રનગર જિલ્લાનાં કળમ સહિત ગામોમા સામૂહિક શૌચાલયો અને વ્યક્તિગત શૌચાલયોને રંગરોગાન કરવામાં આવ્યું હતું.

"હમારા શૌચાલય, હમારા ભવિષ્ય" થીમ હેઠળ આયોજીત આ અભિયાન અંગે ગામના નાગરિકોને શૌચાલયના નિયમિત ઉપયોગ, સમયસર જાળવણી, હાથ ધોવાની આદત તેમજ સ્વચ્છતા પ્રત્યે જવાબદારી અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. તદુપરાંત, સ્વચ્છતા પ્રતિજ્ઞા, સ્પર્ધા અને નાનકડા જાગૃતિ કાર્યક્રમો પણ આયોજિત કરવામાં આવ્યા હતા. વિશ્વ શૌચાલય દિવસ માત્ર એક ઉજવણી નથી, પરંતુ સ્વચ્છતા માટે સામૂહિક પ્રતિબદ્ધતાનો દિવસ છે. શૌચાલયની સુવિધા તમામ માટે ઉપલબ્ધ બનાવવાના સાથે તેની નિયમિત જાળવણી અને સંચાલન પણ એટલું જ મહત્વનું છે. આ અભિયાનથી ગામડાઓમાં સ્વચ્છતા અંગે નવો ઉત્સાહ જોવા મળશે. સાથે જ, લોકોમાં શૌચાલયનો યોગ્ય ઉપયોગ કરવા તેમજ સ્વચ્છતાની સંસ્કૃતિ અપનાવવા પ્રેરણા પણ મળશે.

નિતિન રથવી

# ગુજરાતમાં ૨૦ લાખથી પણ વધુ નામ મતદાર યાદીમાંથી દુર થશે

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતમાં મતદાર યાદી સુધારણા કાર્યક્રમ અનેક ચોંકાવનારા ખુલાસા બહાર લાવી શકે છે. એસઆઈઆરની આ પ્રક્રિયામાં થયેલા ચોંકાવનારા ખુલાસાઓએ તે વાત પુરવાર કરી દીધી હતી કે રાજયમાં આ પ્રક્રિયાની કેમ જરૂર પડી છે. મતદાર યાદીની ચકાસણીમાં બીએલઓ દ્વારા ઘરે જઈને મતદારોની ચકાસણી કરવામાં આવી રહી છે. બધા મતદારોની ગણતરી ઘેર ઘેર જઈને કરવામાં આવી રહી છે. આ મતદાર યાદી સુધારણામાં તંત્રને ખબર પડી કે ૯ લાખ મૃતકોના નામ હજુ સુધી આ મતદાર યાદીઓમાં ચાલુ છે, હવે જો તેના નામ રદ જ કરવામાં ન આવે અને તેને યાદીમાંથી દુર કરવામાં ન આવે તો તેમના નામે તો વોટીંગ ચાલતુ જ રહેવાનુ, હવે ૯ લાખ વોટ એટલે કમસેકમ ૯ વિધાનસભા મતવિસ્તાર અને ૩ લોકસભા મતવિસ્તાર પર સીધી અસર પાડી શકે છે, આ બહુ મોટી વાત છે, હવે અત્યાર સુધી તો આ મૃતકોના નામે વોટીંગ નહી થયુ હોય તેની શું ખાત્રી આ સ્થિતિનો રાજકીય પક્ષોએ પોતપોતાના મત વિસ્તારમાં ચોકકસ ફાયદો ઉઠાવ્યો પણ હશે, પછી તે સત્તાધારી પક્ષે પણ ઉઠાવ્યો



હોય એટલે વિપક્ષે પણ ઉઠાવ્યો, આ સિવાય અત્યાર સુધી થયેલી એસઆઈઆર ની કાર્યવાહીમાં જાણવા મળ્યુ કે રીપીટ મતદારોનો આંકડો સવા લાખ સુધી પહોચી ગયો હતો. આનો સીધો અર્થ એમ થાય કે આ મતદારોના નામ બે કે તેથી વધુ સ્થળોએ નોંધાયેલા હતા. આ બધા મતદારોને ચુંટણીપંચે તેમનુ નામ એક જ સ્થળે રાખવાની ફરજ પાડી છે,

હવે વિચારો ૯ લાખ મૃતકોના નામ અને બીજા સવા લાખ જેટલા રીપીટ મતદારોના નામ, ચુંટણીમાં કેટલો બધો ફેર પાડી શકે છે તેમાં પણ ખાસ કરીને ચુંટણીમાં કલોઝ ફાઈટ હોય ત્યારે જ આ બધો ફરક સ્પષ્ટ દેખાઈ આવે છે, આમ ચુંટણીપંચે અત્યાર સુધીમાં સવા દસ લાખ મતદારો દુર કરવા પડયા છે, તેની સાથે બે કે તેથી વધુ સરનામાવાળાને એક જ સરનામે નામ નોંધાવવાની ફરજ પાડવામાં આવી છે. આપણે ત્યાં કોઈપણ વ્યકિત ઘર બદલે અને બીજા વિસ્તારમાં રહેવા જાય ત્યારે તે બહુ બહુ તો આધારકાર્ડમાં સરનામુ બદલાવે છે, કારણ કે તે બધે મંગાય છે, પરંતુ તે મતદાર યાદીમાં કંઈ સરનામુ બદલાવવા જતો નથી, આવુ જ મૃતકનુ છે, મૃતક મૃત્યુ પામે તો તેનુ ચુંટણીકાર્ડ કઈ રદ થઈ જતુ નથી, જે ખરેખર થવુ જોઈએ, ખરેખર તો કોઈ ૩ ચુંટણીમાં મત ન આપી શકે તો તેનુ નામ મતદાર યાદીમાંથી આપમેળે જ કમી કરી નાખવુ જોઈએ, આ પ્રકારની વ્યવસ્થા ચુંટણીપંચે ગોઠવવાની તાતી જરૂરીયાત વર્તાઈ રહી છે, મતદાર યાદી સુધારણાની પ્રક્રિયા હજુ પણ ચાલે છે ત્યારે આવેલા આ આંકડા છે તો સમજો, ગુજરાતમાં આ આખી પ્રક્રિયા પુરી થશે ત્યારે કેટલા નામ કમી થશે, એક અંદાજ મુજબ બધુ થઈને ૧૫ લાખ જેટલા નામ કમી થાય તેવુ માનવામાં આવે છે, જો કે આ અગાઉ મનાતુ હતુ કે ગુજરાતમાં ૬૦ લાખ જેટલા શંકાસ્પદ વોટર છે પરંતુ મતદાર યાદીની કાર્યવાહીમાં અત્યાર સુધીમાં શંકાસ્પદ વોટર જેવુ અત્યાર સુધી કશુ બહાર આવ્યુ નથી.


આ ઉપરાંત ૧ લાખ લોકો એવા પણ મળી આવ્યા છે જેમના ઘરે વારંવાર ગયા હોવા છતાં પણ તેઓ મળ્યા ન હતા. એટલે ચુંટણીપંચ આ લોકોના નામ પણ કમી કરવાનો છે. આ પ્રક્રિયા દરમિયાન તે પણ બહાર આવ્યુ કે રાજયમાંથી ૯ લાખ જેટલા લોકોએ કાયમી ધોરણે સ્થળાંતર કરી લીધુ છે. આમ તેઓ રાજયમાં વસતા જ નથી તેઓએ કેટલાય સમયથી રાજયમાં પગ પણ મુકયો નથી. આવા ૯ લાખ નામોને ચુંટણીપંચે મતદાર યાદીમાંથી દુર કર્યા છે. આમ ચુંટણીપંચ કુલ ૨૦ લાખ થી પણ વધુ મતદારોના નામ દુર કરશે. આમ જેમ ૬૦ લાખ વોટરના નામ દુર થવાની શંકા હતી તેવુ નહી થાય, પરંતુ આટલા ૨૦ લાખ નામ તો દુર થશે તે હકીકત છે. આટલુ સુનિશ્ચિત થઈ ચુકયુ છે. આમ કુલ ૨૦ લાખ વોટ સરળતાથી લોકલ બોડીની અનેક બેઠકો, ૨૫ વિધાનસભા મતવિસ્તાર, સાતેક લોકસભા બેઠકો પણ પરીણામમાં અસર પાડી શકે છે. આપણે એક વોટ અંગે પણ વિચારતા નથી, તેની સામે રાજકીય પક્ષો એક એક વોટ અંગે વિચાર કરે છે, તે યાદ રાખવુ રહ્યુ, અત્યાર સુધી મૃતકો, બીજે રહેવા ગયેલા મતદારો, ૨ થી વધુ સરનામાવાળા મતદારોને લઈને વોટ ની રમાતી રમત ચુંટણીપંચે એક જ જાટકે બંધ કરી દીધી છે.

આ બાબત બતાવે છે કે રાજકીય પક્ષો માટે તો જીવતા તો ઠીક મરેલા પણ કામના છે, અહીં તે યાદ અપાવવુ જરૂરી છે કે ચુંટણીપંચે બિહારમાં આવા કુલ ૬૯ લાખ મતદારો , બંગાળમાં ૩૪ લાખ મતદારો યાદીમાંથી દુર કર્યા છે હવે ગુજરાતના પણ તેમાં ઉમેરાતા ચુંટણીપંચે રદ કરેલા મતદારોનો આંકડો સવા કરોડને આંબી ગયો છે. આ બતાવે છે કે ચુંટણીપંચ દ્વારા મતદાર યાદી સુધારણાની કાર્યવાહી કરવામાં ન આવે તો અનેક નિયમો છતા પણ મતદાનમાં કેટલી ધાંધલી થઈ શકે છે. નિયમોની વચ્ચે રહીને પણ કેવી રીતે બધા કામ પાર પાડી શકાય છે તે ચુંટણીપંચે રદ કરેલા મતદારો પરથી દેખાઈ આવે છે.

## પોલીસના પટ્ટા અને દારૂબંધીની વાતો વચ્ચે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી ગુરૂવારે બનાસકાંઠા જિલ્લાની મુલાકાતે

પ્રતિનિધિ,ગાંધીનગર

પોલીસના પટ્ટા ઉતારવા અને દારૂબંધીની વાતો વચ્ચે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી ગુરૂવારે ૪ ડીસેમ્બરે બનાસકાંઠાના પ્રવાસે જશે તેઓ વડગામમાં લાઈબ્રેરીનુ ઉદ્‌ઘાટન કરશે જયારે બનાસકાંઠા જિલ્લાના મુખ્યમથક પાલનપુર અને ડીસામાં સ્પોર્ટસ સંકુલનુ ઉદ્‌ઘાટન કરશે, ત્યારબાદ ડીસામાં જાહેરસભાને સંબોધીત કરશે,




કોંગ્રેસના ધારાસભ્ય દ્વારા દારૂ બંધીને લઈને પોલીસના પટ્ટા ઉતારવાની વાત કરતા જ સરકાર સામે આકરા પ્રહારો કર્યા હતા તેનો નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી અને રાજયના ડીજીપી એ જવાબ પણ આપ્યો હતો. હવે આ મુદ્દો વધુ ગરમ થઈ રહ્યો છે. ઠેર ઠેર પોલીસ પરીવાર દ્વારા કોંગ્રેસના ધારાસભ્ય જિગ્નેશ મેવાણીનો વિરોધ કરવામાં આવી રહ્યો છે. ત્યારે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી ગુરૂવારે જિગ્નેશ મેવાણીના મત વિસ્તાર વડગામમાં લાઈબ્રેરીનુ ઉદ્‌ઘાટન કરવાના છે, આગામી ૪ ડીસેમ્બરે તેઓ વડગામ, પાલનપુર અને ડીસાના પ્રવાસે જશે, તેઓ વડગામમાં લાઈબ્રેરીનુ ઉદ્‌ઘાટન કરશે જયારે પાલનપુર અને ડીસામાં બનેલા સ્પોર્ટસ સંકુલનુ ઉદ્‌ઘાટન કરશે. તેઓ ડીસામાં જાહેરસભાને સંબોધીત કરવાના છે.

## ગાંધીનગરમાં પાલતુ શ્વાન રાખવુ હવે નહી હોય મફતઃ કોર્પોરેશન દ્વારા રજીસ્ટ્રેશન ફરજીયાત કરાયુંઃ ગંદકી કરનાર પર રૂ.૫૦૦ નો દંડ

પ્રતિનિધિ,ગાંધીનગર

ગાંધીનગર શહેરની સ્વચ્છતા અને જાહેર સુવિધાઓ જાળવવા માટે ગાંધીનગર મહાનગરપાલિકાએ એક મહત્વ નિર્ણય લીધો છે. ગાંધીનગર મ્યુનિસીપલ કોર્પોરેશનની સ્ટેન્ડીંગ કમિટીની બેઠકમાં હવે પાલતુ શ્વાન રાખવા માટે નવા નિયમો લાગુ કરવાની મંજુરી આપવામાં આવી છે. નવા નિયમો મુજબ ગાંધીનગર શહેરમાં પાલતુ શ્વાન રાખતા તમામ માલિકો માટે રજીસ્ટ્રેશન કરાવવુ ફરજીયાત બનશે.



પાલતુ શ્વાનની નોંધણી માટે માલિકોએ રૂપીયા ૨૦૯ ફી ચુકવવી પડશે , આ ઉપરાંત જાહેર સ્થળો પર સ્વચ્છતા જાળવવાની જવાબદારી પણ શ્વાનના માલીકોની રહેશે, જો કોઈ પાલતુ શ્વાન જાહેર માર્ગો કે સ્થળો પર ગંદકી કરશે તો તેના માલીકને રૂપીયા ૫૦૦ નો દંડ કરવામાં આવશે, આ નિર્ણયનો મુખ્ય હેતુ શહેરમાં સ્વચ્છતા અને શ્વાન માલીકોમાં જવાબદારીની ભાવના વધારવાનો છે,

## બનાસકાંઠા જિલ્લાના દાંતા તાલુકામાં મનરેગાના કામોમાં ગંભીર આક્ષેપોઃ ડમી ખાતા અને વચેટીયાઓનો ખેલ

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

બનાસકાંઠા જિલ્લાના દાંતા તાલુકામાં મનરેગા યોજનામાં થયેલા કથિત કરોડોની ગેરરીતીના ગંભીર આક્ષેપોને લઈને હડકંપ મચી જવા પામ્યો છે. એક દિવસ અગાઉ જિલ્લા વિકાસ અધિકારી સમક્ષ સ્થાનિકો અને શ્રમિકોના આગેવાનો દ્વારા આ અંગે લેખિત અને મૌખિક રજુઆત કરવામાં આવી હતી.



આ આક્ષેપો અનુસાર મનરેગાના શ્રમિકોના નામે ડમી ખાતાઓ ખોલવામાં આવ્યા છે અને તેમની મહેનતની મજુરી વચેટીયાઓ દ્વારા ખોલવામાં આવેલા ડમી ખાતાઓમાં જમા કરવામાં આવી રહી છે. પંથકમાં ૩૦૦ થી વધુ શ્રમિકોને જોબકાર્ડ આપવામાં આવ્યા હોવા છતાં શ્રમિકો પાસેથી કામ લીધા બાદ તેમના ખાતામાં માત્ર એક અઠવાડીયાનુ જ મહેનતાણુ ચુકવવામાં આવતુ હોવાનો આક્ષેપ શ્રમિકો કરી રહ્યા છે.

જયારે બાકીના નાણાં વચેટીયાઓના ખાતામાં જમા થઈ જતા હોવાનુ આગેવાનોએ જિલ્લા વિકાસ અધિકારીને જણાવ્યુ હતું. શ્રમિકને દિવસના રૂપીયા ૨૮૮ પ્રમાણે ૯૦ દિવસના રૂપીયા ૨૫૯૨૦ મળવા જોઈએ , પરંતુ તેમને માત્ર ૧૭૦૦ રૂપીયા થી ૪૫૦૦ જેટલી નજીવી રકમ જ મળતી હોવાની ફરીયાદ શ્રમિકોએ કરી છે, મનરેગા કૌભાંડના આ મામલાની વધુ વિગતો જાણવા માટે મીડીયાની ટીમ ટ્રાયબલ વિસ્તારના શ્રમિકો પાસે તપાસ કરતા કેટલીક ચોંકાવનારી વિગતો બહાર આવી હતી. ૪૦ થી વધુ શ્રમિકોના લાખો રૂપીયા એજન્ટો અને અધિકારીઓ દ્વારા ચાઉ કરી દેવામાં આવ્યા હોવાનો તેમણે ગંભીર આક્ષેપ કર્યો છે.

આ શ્રમિકોને છેલ્લા ૧૩ મહિનાથી એકપણ રૂપીયો ચુકવવામાં આવ્યો નથી. અંદાજે એક-એક વ્યકિતના રૂપીયા ૨૫ હજારના હિસાબે રૂપીયા ૧૦ લાખનુ કૌભાંડ માત્ર આ ૪૦ શ્રમિકોના સંદર્ભમાં થયુ હોવાનો પ્રાથમિક અંદાજ છે. ગેરરીતી આચરવા માટે અધિકારીઓ દ્વારા શ્રમિકોના નામે ફી નો અને એરટેલ પેમેન્ટ બેંક જેવી પ્રાઈવેટ બેંકોમાં ખાતાઓ ખોલવામાં આવ્યા છે. તેની રીતભાત પણ અત્યંત ચિંતાજનક છે,

જેમાં ખાતા ખોલ્યા બાદ દરેક વ્યકિતના એટીએમ કાર્ડ પણ અધિકારીઓ પોતે જ પોતાની પાસે રાખતા હોવાની બુમરોળ ઉઠવા પામી છે. સરકારી બેંકોમાં ખોલાવેલા ખાતામાં એકપણ રૂપીયો જમા ન કરીને બધો વ્યવહાર ખાનગી બેંકો મારફતે કરવામાં આવ્યો હતો જેના થકી આ ગેરરીતી આચરવામાં આવી છે. ઘણા શ્રમિકો તો એ પણ નથી જાણતા કે પોતાનુ જોબકાર્ડ કેવુ હોય છે? કારણ કે તે પણ તેમને મળવાનુ નસીબ થયુ નથી. શ્રમિકોએ માંગ કરી છે કે જો આ સમગ્ર મામલાની નિષ્પક્ષ તપાસ કરવામાં આવે તો ઘણી ચોંકાવનારી વિગતો બહાર આવી શકે તેમ છે.

## જિગ્નેશ મેવાણી સામેની છેડતીની કલમ ગુવાહાટી કોર્ટે કરી રદ : ૨૦૨૨ માં આસામમાં થયો હતો કેસ

પ્રતિનિધિ,ગાંધીનગર

વડગામના ધારાસભ્ય જિગ્નેશ મેવાણી સામે ૨૦૨૨ માં વડાપ્રધાન નરેન્દ્ર મોદી વિરૂધ્ધ એક વિવાદીત ટવીટ કરવા બદલ આસામ પોલીસે તેમની ધરપકડ કરી હતી, જિગ્નેશ મેવાણીની ધરપકડ કરી અને તે સમયે તેમને તાત્કાલીક આસામ પોલીસ બનાસકાંઠાથી આસામ લઈ ગઈ હતી, અને ત્યાં એક મહિલા પોલીસ કર્મચારીએ જિગ્નેશ મેવાણી વિરૂધ્ધ છેડતીની ફરીયાદ નોંધાવી હતી. આજે અંદાજે ૪ વરસે




આ કેસમાંથી એ છેડતીની કલમ રદ કરવામાં આવી છે, આસામ પોલીસે જિગ્નેશ મેવાણી પર કરેલા મહિલા પોલીસ કર્મી સામેના છેડતીના કેસમાંથી છેડતીની આઈપીસી ૩૫૪ કલમ ગુવાહાટી હાઈકોર્ટ દ્વારા દુર કરી દેવામાં આવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે આસામ પોલીસે ટવીટમાં પીએમ નરેન્દ્ર મોદી વિરૂધ્ધ વાંધાજનક ટીપ્પણી કરવા બદલ મેવાણી વિરૂધ્ધ કેસ નોંધ્યો હતો. ધારાસભ્ય જિગ્નેશ મેવાણીએ પોતાના ટવીટમાં લખ્યુ હતુ કે ગોડ્સેને ભગવાન માનતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગુજરાતમાં સાંપ્રદાયીક સંઘર્ષ સામે શાંતિ અને સૌહાર્દની અપીલ કરવી જોઈએ, ઉપરોકત ટવીટના સંદર્ભમાં ઉપરોકત માટે મેવાણી સામે આઈપીસી કલમ ૧૨૦ બી(ગુન્હાહીત કાવતરૂ) ૧૫૩ એ (૨ સમુદાયો સામે દુશ્મનાવટને પ્રોત્સાહન આપવુ) ૨૯૫ એ અને ૫૦૪ (શાંતિ ભંગ કરવા માટે ઉશ્કેરવાના હેતુથી વસ્તુઓ કહેવુ ) ટવીટ અને આઈટી એકટ ની વિવિધ કલમો હેઠળ કેસ દાખલ કરવામાં આવ્યો હતો.

## જિગ્નેશ મેવાણી બાદ હવે ગોપાલ ઈટાલીયા આવ્યા મેદાનમાં : પટ્ટા ઉતારી દેવા મામલે સભા સંબોધી

પ્રતિનિધિ,ગાંધીનગર

કોંગ્રેસના ધારાસભ્ય જિગ્નેશ મેવાણીને પોલીસના પટ્ટા ઉતારવાના મુદ્દે આમ આદમી પાર્ટીનુ સમર્થન મળ્યુ છે, ત્યારે ગોપાલ ઈટાલીયા પણ આ મુદ્દે મેવાણીના સમર્થનમાં આવ્યા છે. આંકલાવના અંબાલી ચોકડી પાસે આમ આદમી પાર્ટીની કિસાન મહા પંચાયત યોજાઈ હતી.




કિસાન મહાપંચાયતમાં આમ આદમી પાર્ટીના નેતા ગોપાલ ઈટાલીયાએ ડ્રગ્સ અને દારૂ મુદ્દે રાજય સરકારને ખુલ્લેઆમ પડકાર ફેંકતા કહ્યુ હતુ કે કમરના પટ્ટા ગળે પહેરીને ફરતા અધિકારીઓના પટ્ટા ઉતરી જશે. અમારી સરકાર આવશે તો આવા અધિકારીઓને સાબરમતીમાં પ્રમોશન નહી પણ ટોમી કોઠળીમાં ધકેલી દેવાશે. જિગ્નેશ મેવાણીએ આપેલા પોલીસ પટ્ટાવાળા નિવેદન મુદ્દે આમ આદમી પાર્ટીએ આ મામલે કોંગ્રેસને સમર્થન આપ્યુ છે. ઈસુદાન ગઢવીએ કહ્યુ હતુ કે અમે આ મામલે જિગ્નેશ મેવાણી સાથે છીએ, ભાજપ નાના પોલીસ કર્મીઓના પરીવારને મેદાનમાં ઉતારે છે, ભાજપ ડીજીપી કે અન્ય આઈપીએસના પરીવારને મેદાનમાં ઉતારે,

રાજકોટ જિલ્લાના ધોરાજી ના પૂર્વ ધારાસભ્ય લલીત વસોયાએ ગુજરાતમાં દારૂ,જુગાર અને ડ્રગ્સ મામલે પ્રતિક્રિયા આપતા કહ્યુ હતુ કે ગુજરાતનો યુવાન જિગ્નેશ મેવાણી દારૂ અને ડ્રગ્સ સામે અવાજ ઉઠાવીને પોલીસને કહે છે કે મીઠી નજર અને હપ્તાખોરીને કારણે યુવાનો દારૂ ડ્રગ્સના રવાડે છે, દારૂ અને ડ્રગ્સ સેવન કરવાવાળાને પકડે છે પરંતુ વેચાણકર્તા સામે પોલીસ પગલા લેતી નથી, એનુ કારણ હપ્તાખોરી છે, હપ્તાખોરી કરતા પોલીસના પટ્ટા ઉતારવા જોઈએ એવુ જિગ્નેશ મેવાણી સાચુ કહ્યુ છે. તમામ સમાજના ૩૦ ટકા યુવાનો દારૂ ડ્રગ્સના રવાડે ચડી ગયા છે અને બરબાદ થઈ રહ્યા છે. જિગ્નેશ મેવાણી ૮ ચોપડી પાસ નથી સમજી વિચારીને કહ્યુ છે, અત્યારે ગુજરાતમાં લોકો જિગ્નેશ મેવાણીની ફેવરમાં છે અને તેમને હાઈલાઈટ કરી રહ્યા છે, કોંગ્રેસ નેતા પરેશ ધાનાણીએ રાજકોટમાં પ્રેસ કોન્ફરન્સ યોજી ગુજરાતના યુવાનો નશાના રવાડે ચઢી રહયા છે અને તેની પાછળ ગુજરાતના પોલીસની ઢીલી નીતી જવાબદાર હોવાનુ નિવેદન આપ્યુ હતું.

ગુજરાતમાં દારૂ અને ડ્રગ્સની સ્કુલો અને કોલેજોની બહાર ડીલીવરી કરવામાં આવે છે તેવા ગંભીર આરોપ મુકયા હતા. એટલુ જ નહી નશાના કારોબારી સાથે વ્યાજખોરો અને મિલ્કત માફીયાઓની સીન્ડીકેટ થી ગુજરાતમાં અનેક પરીવારોએ પોતાની મિલ્કતો ગુમાવવી પડી છે તેવો આરોપ મુકયો હતો. જિગ્નેશ મેવાણીએ ઉઠાવેલા મુદ્દામાં સરકાર પોલીસ પરીવારોને આગળ ધરી રહી હોવાનુ અને જનતા જિગ્નેશ મેવાણીની સાથે હોવાનો દાવો કર્યો હતો. ઈમાનદાર પોલીસ અધિકારીઓ સતિષ વર્મા અને સંજીવ ભટ્ટ સહિતના પોલીસ અધિકારીઓ સામે આજ સરકારે ૨૦-૨૦ વરસ પહેલા કરેલા કેસ હજુ પણ પુરા થયા નથી. ઈમાનદાર પોલીસ અધિકારીઓ સામે કેસ થયા ત્યારે આ પોલીસ પરીવારો કયા હતા તેવો સવાલ ઉઠાવ્યો હતો. દલીત સમાજના દિકરા જિગ્નેશ મેવાણીનો અવાજ દબાવવા પોલીસ પરીવારોને આગળ કરવામાં આવી રહ્યા છે. સુરતના વરાછાના ભાજપના ધારાસભ્ય કુમાર કાનાણીએ પણ સરકારમાં રહીને સરકાર સામે જ સવાલ ઉઠાવ્યો તે બદલ અભિનંદન અને ડ્રગ્સ અને દારૂનો મુદ્દો ઉઠાવી લોકોની સાચી વાત મુકી છે.

## પાટણ જિલ્લાના સિધ્ધપુરમાં કોંગ્રેસ પ્રદેશ પ્રમુખ અમિત ચાવડાની આગેવાનીમાં ચાલી રહેલી જન આક્રોશ યાત્રાનુ ભવ્ય સ્વાગત

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અમિત ચાવડાની આગેવાનીમાં ચાલી રહેલી જન આક્રોશ યાત્રા આજે સોમવારે તેના અગીયારમાં દિવસે પાટણ જિલ્લાના સિધ્ધપુર પહોચી હતી. બીલીયા એલ એસ હાઈસ્કુલ, માતૃગયા તીર્થ બિંદુ સરોવર અને દેથલી ચારરસ્તા સહિતના સ્થાનો પર યાત્રાનુ ઉત્સાહભેર સ્વાગત કરવામાં આવ્યુ હતું. તાલુકા , શહેર કોંગ્રેસ, યુવક અને મહિલા કોંગ્રેસ તથા સેવાદળના આગેવાનો અને કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં આક્રોશ યાત્રામા જોડાયા હતા. સ્થાનિક આગેવાનો, કાર્યકરો અને નાગરીકોએ ફુલમાળાઓ અને નારાબાજી સાથે યાત્રાને અભિનંદન



આપ્યુ હતુ જેના કારણે યાત્રાને વ્યાપક જનસમર્થન મળ્યુ હતું. યુવાનો, મહિલાઓ, વરીષ્ઠ નાગરીકો અને વિવિધ સમાજના લોકોએ જોડાઈ એકતા અને જાગૃતિનો સંદેશ આપ્યો હતો. આ રેલીમાં અમિત ચાવડા સાથે પૂર્વ કેન્દ્રીય મંત્રી તુષાર ચૌધરી અને પૂર્વ ધારાસભ્ય ચંદનજી ઠાકોર હાજર રહ્યા હતા. રેલી દરમિયાન ખેડુતો, યુવાનો અને મોંઘવારી સંબંધીત મુદ્દાઓ ઉઠાવી સરકારને ઘેરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.

## બનાસકાંઠા જિલ્લાના મુખ્યમથક પાલનપુરમાં આમ આદમી પાર્ટીની કિસાન મહા પંચાયત યોજાઈ: અમે ભાજપમાં જોડાવવાના નથી અમે આંદોલનમાંથી તૈયાર થયેલી પાર્ટીના છીએઃ ચૈતર વસાવા

પ્રતિનિધિ,ગાંધીનગર

આમ આદમી પાર્ટી ખેડુતોના મુદ્દે સરકાર સામે સતત વિરોધ કરી રહી છે અને અલગ અલગ ગામોમાં કિસાન મહાપંચાયત યોજી રહી છે, ત્યારે હવે આજે સોમવારે બનાસકાંઠા જિલ્લાના મુખ્યમથક પાલનપુરના ચડોતર ખાતે ફરી આમ આદમી પાર્ટીએ કિસાન મહાપંચાયતનુ આયોજન કર્યુ હતું. જેમાં પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવી, વિસાવદરના ધારાસભ્ય ગોપાલ ઈટાલીયા, ડેડીયાપાડાના ધારાસભ્ય ચૈતર વસાવા અને આપ નેતા મનોજ સોરઠીયા એ સભા સંબોધી હતી. જયાં ખેડુતો મામલે ભાજપ પર પ્રહાર કરવામાં આવ્યા હતા , સાથે જ આ મહાપંચાયતમાં આમ આદમી પાર્ટીના કાર્યકરો સહિત મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા અને આ સાથે જ હવે મહા પંચાયતમાં આમ આદમી પાર્ટીના ધારાસભ્ય ચૈતર વસાવાએ રાજુ કરપડા મામલે વાત કરી હતી અને સાથે જ ખેડુતોના મુદ્દે સરકારને આડે હાથ લીધી હતી. ચૈતર વસાવાએ સરકાર સામે હુંકાર ભર્યો હતો અને કહયુ હતુ કે બનાસકાંઠાનુ કમલમ તમે જોયુ છે ને, કરોડોના ખર્ચે ભાજપના કાર્યાલય તૈયાર કરવામાં આવ્યા છે અને ખેડુતોની સહાય પહોંચાડવામાં ધાંધીયા છે, અમને દરેક રીતે પોતાની પાર્ટીમાં જોડાવવા માટે દબાણ કરવામાં આવ્યુ છે પણ અમે આ ભાજપમાં જોડાવવાના નથી, અમે આંદોલનમાંથી તૈયાર થયેલી પાર્ટીના છીએ, તો ભાજપમાં જવાનો કે મનસુખ વસાવા સાથે જોડાવવાનો સવાલ જ આવતો નથી.



## મકરપુરા અને ગાજરાવાડીમાંથી દારૂની ૯૧ બોટલ સાથે ૪ આરોપી ઝડપાયા

(સંપૂર્ણ સમાચાર સેવા)વડોદરા

વડોદરામાં અટલાદરા પોલીસની માહિતી મળી હતી કે ગુલાબી વુડાના બંધ મકાનમાં બીજી ગલીમાં એક બિહારી નામની વ્યક્તિ પાન મસાલાનો થેલો લઈને તેમાં દારૂ મૂકી વેચાણ કરે છે. જેથી પોલીસે ઉપરોક્ત સ્થળે જઈને તપાસ કરતા પૃથ્વીરાજ ઉર્ફે બિહારી ઉમેશ પ્રસાદ કેસરી (રહે-ગુલાબી વુડાના મકાન, ખિસકોલી સર્કલ પાસે, કલાલી) મળી આવ્યો હતો. તેના થેલામાંથી દારૂની ૭૨૦૦ કિંમતની ૪૮ બોટલો મળી આવતા પોલીસે ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

મકરપુરા પોલીસને મેસેજ મળ્યો હતો કે નવીનભાઈ નામની વ્યક્તિએ બે આરોપીને મકરપુરા એરફોર્સ સ્ટેશન પાસેથી વિદેશી દારૂ સાથે ઝડપી પાડ્યા છે જેથી પોલીસે ઉપરોક્ત સ્થાને જઈને તપાસ કરતા ફારૂક યુસુફભાઈ દિવાન (રહે-શ્રીરામ નગર, જશોદા કોલોની, મકરપુરા) તથા દિનેશભાઈ પરાગભાઈ વસાવા (રહે-નવીનગરી કાયાવરોહણ, તાલુકો ડભોઇ) મળી આવ્યા હતા. તેમના ટુ વ્હીલરની ડિકીમાંથી દારૂની ૩૪ બોટલ મળી આવી હતી.